

# અધ્યાત્મ

વર્ષ : ૨૧ સપ્ટેમ્બર–૨૦૦૦ અંક : ૧૨

## * સૌથી મોટો ભાગ્યોદય કયો? *

મનુષ્યના જીવનનો સૌથી મોટો ભાગ્યોદય કયો? ધન, પદ, પરિવાર કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય તે? એ વિષયોપભોગોથી ઘેરાઈ જાય તે? ના. એને એનો સર્વોત્તમ ભાગ્યોદય ના કહી શકાય. મહર્ષિ કપિલ કહે છે કે એનો સર્વોત્તમ ભાગ્યોદય તો ઉત્કટ ભક્તિની પ્રાપ્તિમાં રહેલો છે. ભગવાનની અસાધારણ અનન્ય-ભક્તિની પ્રાપ્તિ થવાથી મન ભગવાનમાં જોડાઈને સ્થિર બને એના સરખું સદ્‌ભાગ્ય બીજું કોઈ જ નથી. સાચા સંનિષ્ઠ ભક્તો એ જ સદ્‌ભાગ્યની ઈચ્છા કરે છે. જેને એ સદ્‌ભાગ્ય સાંપડયું છે તેને મોટામાં મોટી પ્રાપ્તિ થઈ ગઈ એવું સમજી લેવું. માનવ પાસે બીજું બધું જ હોય, પરંતુ પરમાત્માનો પ્રેમ અને પરમાત્માની સાથેનો સંબંધ ના હોય, તો શું કામનું? એનું જીવન ત્રૂટિપૂર્ણ અને અતૃપ્ત જ રહેવાનું. મહર્ષિ કપિલએ સંદેશ આપતાં એના સંદર્ભમાં જ કહે છે કે માનવ ઈશ્વરાભિમુખ થાય, ઈશ્વરનો બને, અને ઈશ્વરને ઓળખે એ જ એનો મોટામાં મોટો ભાગ્યોદય છે. આજની પ્રજા એ સુંદર સર્વોપયોગી સંદેશને સમજવાનો ને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરશે ખરી?

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦
વિદેશમાં રૂ. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સ્વ. શ્રી મણિભાઈ શાહને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૯ |
| સ્વ. શ્રી નાનુરામભાઈ દુધરેજીયાને અંજલિ | તંત્રી | ૧૧ |
| પ્રો. શ્રી ભટ્ટ સાહેબને અંજલિ | તંત્રી | ૧૩ |
| તીર્થસલિલાનું આચમન | સુશીલાબેન ભક્ત | ૧૬ |
| પૂ. માની આધ્યાત્મિક ઓળખ | શ્રી વિજયભાઈ પુરોહિત | ૨૬ |
| સંસ્કાર ઘડતર યાત્રા–(૨) | પ્રભુભાઈ હળવદિયા | ૩૨ |
| શ્રી કૃષ્ણપ્રેમના આશ્રમ વિષે | રાજીવ હ. જાની | ૩૯ |
| મા અને બાળકો | દમયંતી એસ. ભક્ત | ૫૦ |
| યાત્રાના આરંભે–(૨) | શ્રી રાજુભાઈ જાની | ૫૬ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ સપ્ટેમ્બર–૨૦૦૦ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૫–૮–૮૧, શનિવાર, શ્રાવણ સુદ પૂનમ, ૨૦૩૭,**

**સ્થળ : શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી, ઇંગ્લેન્ડ.**

આજે પૂ. શ્રીનો પ્રાગટ્યદિન, ભારતનો સ્વાતંત્ર્યદિન અને પવિત્ર રક્ષાબંધનનો દિવસ.

આજે પણ સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, મંત્રજપ અને અંતે લેખનકાર્ય શરૂ થાય છે. ત્યારે ઘડિયાળમાં બરાબર આઠ વાગ્યા છે.

નવ વાગ્યે શ્રી અંબાલાલભાઈ અને ખુશાલભાઈ (શ્રી કલ્યાણ પ્રાર્થનામંદિરના બંને સંચાલકો) આવે છે. આજે પૂ. શ્રીનો પ્રાગટ્યદિન હોવાથી એમની સાથે બે બેનો પણ આવે છે. ફૂલોના હાર અર્પણ થાય છે અને શ્રીઅંબાલાલ પેંડાની ડીસ પૂ. શ્રીને ધરે

છે. બીજા ભાઇ સુખડીની જીસ તુલસીદલ સાથે પૂ. શ્રીને અર્પણ કરે છે. પૂ. શ્રી બંને વસ્તુઓ આવનારને પ્રસાદીમાં આપી દે છે. એક બેન પૂ. શ્રીને રક્ષા બાંધવાની તૈયારી કરે છે. પૂ. શ્રી રક્ષા હાથમાં લઇ સ્વીકારે છે અને આવનાર પૈકી એક ભાઇના હાથમાં પૂ. શ્રી રક્ષા બાંધી દે છે. અને કહે છેઃ–

આ ધર્મની રક્ષા છે. માનવની રક્ષા તેનો ધર્મ કરે છે. પૂ. શ્રી વિદેશ કઇ રીતે આવે છે. તેની વાત નીકળતાં પૂ. શ્રી પોતે જ ખર્ચ કરીને આવે છે અને જનતાની વણમાંગી મદદથી તે ખર્ચ જેટલું મળી પણ રહે છે. વગેરે વાતો બાદ સૌ વિદાય થયા. પૂ. શ્રીના પવિત્ર જન્મદિન પ્રસંગે અને આજે સત્સંગનો છેલ્લો દિવસ હોઇ સૌને દર્શન વંદનનો સવારે લાભ મળી શક્યો.

પૂ. શ્રી ફરી લેખનકાર્યમાં મગ્ન બની જાય છે. સાડા અગિયાર વાગ્યે એક પતિપત્ની પૂ. શ્રી પાસે મંત્રદીક્ષા લેવા આવે છે. તેઓ પૂજાની થાળી, પૂ. શ્રીનો નાનો ફોટો, દીવો, અગરબત્તી લાવે છે. પૂ. શ્રીની સામે તેઓ એ ફોટો મૂકી, દીવો અગરબત્તી કરે છે. બંને હાથ જોડીને બેઠાં છે. પૂ. શ્રી મંત્ર અંગે તે બંનેને માર્ગદર્શન આપે છે. ત્યારે આવનાર ભાઇ પોતાની સાધનાત્મક મુશ્કેલી જણાવતાં કહે છે. હું દરરોજ જુદી જુદી પાંચ આરતી બોલું છું. પછી જગદંબાની સ્તુતિ બોલું છું. પછી ગીતાના અઢાર અધ્યાયના નામો પચ્ચીસવાર બોલું છું. પછી પચ્ચીસવાર બીજા શ્લોકો બોલી એક માળા કરું છું. તે પહેલાં પૂજા કરું છું. હવે મારે મંત્ર જોઇએ છે. આપ જ હવે પાર ઉતારો.

પૂ. શ્રીએ તેમની મુશ્કેલીને સંતોષકારક રીતે દૂર કરી એક જ મંત્ર વધારે જપવાની સૂચના આપી.



આવનાર ભાઇ ધોતિયું પહેરીને આવ્યા હતા. દરરોજ પૂજા કરતી વખતે તેઓ ધોતિયું જ પહેરે છે. વિદેશની ધરતી ઉપર ધોતિયાનો પહેરવેશ જોવા ન મળે. ધર્મપ્રસંગે કે ઘરમાં પૂજા પ્રસંગે, કોઇક પહેરતા હોય છે.

મુલાકાતનો સમય થઇ ગયો જેથી પૂ. શ્રી મુલાકાતના ઓરડામાં જાય છે. ત્યારે તે ભાઇ સર્વેશ્વરી સાથે વાતો કરતાં કહેવા લાગ્યા, "લો આ પત્ર, મેં તા. ૧૧ મીએ લખી રાખ્યો હતો. મારે મંત્ર લેવો હતો મારી એ અંગેની જે ગડમથલ હતી, તે આમાં લખી હતી. મારે ગુરુજીને એકાંતમાં મળવું હતું. પણ મારી પત્ર આપવાની હિંમત ન ચાલી, અને પત્ર આપું તે પહેલાં જ ગુરુજીએ મને કહ્યું પરમ દિવસે સાડા અગિયારે આવજો. મારે આજે જ આ પવિત્ર દિવસે જ મંત્ર લેવો હતો, અને મારી ઇચ્છા માંગ્યાવિના જ પૂરી થઇ ગઇ. મારી ત્રણે ઇચ્છા પૂરી થઇ અને વિશેષ આનંદ તો એ થયો કે મારા મનની એ વાત ગુરુજી જાણી ગયા. ને મને સામે ચાલીને કહ્યું મને આજે ખૂબ આનંદ છે. હવે તો સત્સંગની નાવમાં બેઠા એટલે એ જ પાર ઉતારશે, એવી મને શ્રદ્ધા છે.

સાચા હૃદયની ભાવના અને માગણી પૂ. શ્રીએ પૂર્ણ કરી તે જાણી સર્વેશ્વરી પણ આનંદ વ્યક્ત કરે છે.

આજની મુલાકાતમાં નોંધવા યોગ્ય કોઇ પ્રશ્નોની ચર્ચા ન થઇ. મુલાકાત બાદ ભોજન. આજે ભોજનમાં મિષ્ટાન્નનો આગ્રહ હતો, પણ પૂ. શ્રીએ જાતે જ ખીચડીનું ભોજન તૈયાર કર્યું.

ભોજન પહેલાં એ ઘરના પવિત્ર દેવસ્થાનના ઓરડામાં પૂ. શ્રીનું ફરીથી વિધિપૂર્વક ફૂલહાર અને ચંદન તિલકથી પૂજન કર્યું,

જન્મદિનનો કાર્ડ અર્પણ કર્યો. અને શ્રી અંબાલાલભાઇ ભાવ-વિભોર બનીને આંખમાં અશ્રુ સાથે કહેવા લાગ્યા. 'અમારા આજે અહોભાગ્ય છે. આજે આપ જન્મદિને અહીં મારા ઘરમાં છો. સાક્ષાત્ બિરાજી દર્શન આપી રહ્યા છો. ત્રણ વરસ પહેલાં ગુરુ-પૂર્ણિમાના દિવસે આપ અહીં હતા.'

"અમને આશીર્વાદ આપો કે અમે ભક્તિમાર્ગે આગળ વધીએ."

તા. ૮ મીએ પણ એવી જ વિધિવત્ પૂજા એમણે કરી હતી અને કહ્યું હતું. મને વરસોથી ઇચ્છા હતી કે રામકૃષ્ણદેવ જેવા કોઇ ગુરુજી મળી જાય તો સારું. પ્રભુએ મારી ઇચ્છા પૂરી કરી.

આવા આવા કેટલાયે શ્રદ્ધાળુ જીવોની શ્રદ્ધાને વધારવા પૂ. શ્રી આટલે દૂર દૂર પ્રભુની ઇચ્છાથી આવે છે, તે તો અનુભવે જ સમજાય.

આજે જન્મદિનનો જે કાર્ડ અપાયો તેમાં નીચે મુજબનું લખાણ હતું:–

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવની પવિત્ર સેવામાં,

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ....

પૂ. શ્રી આજના તા. ૧૫–૮–૮૧ ના મંગલદિને આપના જન્મના શુભપર્વે આપશ્રી મા ભગવતી શ્રી જગદ્ જનની માતા-ની કૃપાથી મારા નિવાસસ્થાનમાં આપની સન્મુખ હાજરી હોવાથી અમોને આપના દિવ્યદર્શનનો અનેરો લાભ મળવા બદલ આનંદ માનું છું. આપ અંતર્યામી છો. છતાં આપના આજના જન્મદિને મા ભગવતીને મારી નમ્ર પ્રાર્થના છે કે આપના મુખારવિંદદ્વારા ભક્તિરસ જ્ઞાનમૃતનો લાભ જગતના માનવજીવોને દીર્ઘકાળ સુધી



મળતો રહો અને સદા તંદુરસ્તી સાથે શક્તિ મળો એ જ અંતરની નમ્ર પ્રાર્થના છે.

ર૬બી:–સેવક શિષ્ય અંબાલાલના જય અંબે.

આજના ખીચડીના ભોજન બાદ થોડો આરામ કરી પૂ. શ્રીએ લેખનકાર્ય કર્યું. સર્વેશ્વરીએ ડાયરી લખી.

આજે મંદિરના પ્રેમી ભાઇઓ જેઓ સત્સંગમંડળના મુખ્ય કાર્યકર્તાઓ છે, તેઓ પૂ. શ્રીને સાડા પાંચ વાગ્યે મળવા આવે છે. પ્રણામ કરી બેસે છે. પૂ. શ્રીને કહે છે:–અમે ગુરુબંધુઓ આજે આપની પાસે આવ્યા છીએ. આજે આપનો જન્મદિન છે તો અમે આપની શું સેવા કરીએ તે કહો:–

એમ કહી તે ભાઇઓ વતી એક ભાઇ પૂ. શ્રીને એક મોટું પેકેટ ભેટ આપે છે.

પૂ. શ્રી કહે : હા, સેવા બતાવું ?

જુઓ પહેલી સેવા જે મંત્રજાપ તમે બધા કરો છો તે વધારે ને વધારે કરો.

બીજી સેવા તમે સૌ એક જ જન્મમાં પ્રભુની કૃપાની પ્રાપ્તિ કરો.

ત્રીજી સેવા જીવનનો જે સાચો આનંદ અને સાચી શાંતિ છે, તે તમે સૌ જીવતા જ પામી લો અને,

ચોથી સેવા સ્થૂળ રીતે અમે ગમે તેટલા દૂર હોઇએ, પણ મનથી અમારી સાથે રહો. જ્યારે જ્યારે મુશ્કેલી કે મૂંઝવણ આવે ત્યારે ત્યારે ફોટા પાસે બેસો. ફોટામાં અમે હાજર છીએ એમ માની પ્રાર્થના કરો. મદદ મળશે. આત્મિક શાંતિ અનુભવશો.

આ બધી સેવા કરો. હવે આ પેકેટમાં શું લાવ્યા છો? એનું રહસ્ય તમે જ ઉઘાડો.

સર્વેશ્વરી એ પેકેટ ખોલે એવી એ ભાઇ સૂચના કરે છે. જેથી સર્વેશ્વરી પેકેટ ખોલે છે.

પેકેટમાં એક ટેપરેકોર્ડર જોવા મળ્યું. પૂ. શ્રીએ તેમને ખૂબ સારી રીતે સમજાવીને એ ભેટનો અસ્વીકાર કર્યો.

એ ભાઇઓએ જણાવ્યું કે આપની સાથે મા સર્વેશ્વરી છે. એટલે આપનાં પ્રવચનો, પ્રશ્નોત્તર વગેરે ટેપ કરવાનું કાર્ય આ સાધનથી થશે. ઉપયોગી થશે. એની જે કાંઇ ડયુટી ભારતમાં ભરવી પડે તે પણ અમે જ આપીશું. પણ અમારી ભાવનાની આ યાદ આપ જરૂર રાખો. પૂ. શ્રીએ પ્રેમપૂર્વક કહ્યું, "આપ સૌમાં પ્રેમભાવ છે તો જ તમે આવી વસ્તુ આપવા ઇચ્છો ને. તમારા પ્રેમભાવની હું કદર કરું છું. પણ આ ભેટ આપ ફરીથી ભરી લો અને અમારી પ્રસાદીરૂપે રાખો."

આવનાર ભાઇઓ નિરાશ થાય છે. પૂ. શ્ર ફક્ત જન્મદિનની શુભેચ્છાનો કાર્ડ જ સ્વીકારે છે. (ક્રમશઃ)

**જૂનાં વસ્ત્રો લાવજો**

ગયા વર્ષે નવરાત્રિ ઉત્સવ પ્રસંગે ગરીબો માટે પોતાને ત્યાંના જૂનાં કપડાં લાવવા પૂ. માએ સહુ સાધક ભાઇબહેનો-ને અપીલ કરેલી. તે મુજબ આ વર્ષે નવરાત્રિ મૌન જપ-યજ્ઞમાં જોડાનાર અને બીજાઓ પણ આવાં વસ્ત્રો લાવી, સ્વર્ગારોહણ ઓફિસમાં જમા કરાવે. આવાં વસ્ત્રો જરૂરિયાત-વાળી ગરીબ વ્યક્તિઓને વહેંચવામાં આવશે. — તંત્રી



અધ્યાત્મના સહસંપાદક

# સ્વ. શ્રી મણિભાઇ શાહને શ્રદ્ધાંજલિ

તંત્રી

અધ્યાત્મના સહસંપાદક શ્રી મણિભાઇ શાહનો સ્વર્ગવાસ ઓગસ્ટ–૨૦૦૦ માં અમેરિકા ખાતે થયો. તેમની વય ૮૫ વર્ષ-ની હતી. એકાદ માસ પહેલાં અમેરિકા જતાં પૂર્વે તેઓ અમને મળવા આવ્યા ત્યારે ખબર નહોતી કે આ તેઓ સાથેની અંતિમ મુલાકાત છે.

પ. પ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં આવ્યા પછી એમના જીવનમાં આધ્યાત્મિક વિકાસની સારી એવી ભૂખ જાગેલી. તેથી જ તેઓ શ્રી મકરંદભાઇ દવેની વલસાડ પાસેની નંદિગ્રામ સંસ્થામાં જોડાયા હતા. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં પણ તેઓ સારી એવી શ્રદ્ધા ધરાવતા અને પૂ. માની અતિ કઠોર સાધના જોઇ તેઓ આશ્ચર્ય અનુભવતા.

અધ્યાત્મ માસિકના શરૂઆતના વર્ષોમાં તેની સાથે જોડાઇને તેઓએ આસનો વિશે એક સચિત્ર લેખમાળા શરૂ કરેલી. આ લેખમાળા વાચકોમાં સારો આવકાર પામેલી. આસનો વિશેની શ્રી મણિભાઇની જાણકારી ખૂબ તલસ્પર્શી અને ઊંડી હતી. આ ઉપરાંત 'અધ્યાત્મ'ના પ્રકાશનમાં પણ શરૂનાં વર્ષોમાં ઘણા મદદ-રૂપ થતાં. એટલે તો એમને પ. પૂ. શ્રી યોગેશ્વરજીની અનુમતિથી સંપાદક મંડળમાં લેવામાં આવેલ. પરંતુ પાછલાં દસેક વર્ષોથી કેટલીક સારીરિક અને કૌટુંબિક સમસ્યાને લીધે તેઓ પહેલાંની જેમ રસપૂર્વક 'અધ્યાત્મ'માં પોતાનો સહયોગ આપી શકતા ન

હતા. આમ છતાં તેઓ ખરેખર એક સજ્જન અને આધ્યાત્મિક માર્ગના પ્રવાસી હતા.

ગરીબ પરિવારમાં સંઘર્ષમય જીવન જીવીને તેઓ કવિવર શ્રી ટાગોરની જગવિખ્યાત શાંતિનિકેતન સંસ્થામાં જોડાયેલા અને ત્યાં ચિત્રકળા ને સાહિત્યનું શિક્ષણ તેઓ પામ્યા હતા. કવિવર શ્રી ટાગોરના તેઓ પ્રશંસક હતા. અને બંગાળીભાષા તેમને ગમતી હોવાથી તેઓએ તેનો સારો એવો અભ્યાસ પણ કરેલો.

તેઓ જૈન પરિવારમાં જન્મેલા હોવા છતાં પૂર્વના સંસ્કારોને લીધે ભગવાન સ્વામીનારાયણમાં તેઓને ખૂબ શ્રદ્ધા અને અભિરુચિ હતાં. તે સંપ્રદાયનું તેઓ સારું એવું જ્ઞાન ધરાવતા અને તે સંપ્રદાયના સંતો વિશેની ઘણી રસપ્રદ વાતો તેમને મોઢેથી સાંભળવા મળતી.

કોઈ પણ ધર્મના તત્ત્વો જાણવાની જિજ્ઞાસાને લીધે અલભ્ય પુસ્તકો પ્રાપ્ત કરવા તેઓ ખૂબ પરિશ્રમ ઊઠાવતા અને સારા એવા પૈસા ખર્ચીને તેવાં પુસ્તકો વસાવતા. એના પરિણામે એમનું અંગત ગ્રંથાલય સારું એવું સમૃદ્ધ હતું. વળી અનેક વિષયો પરના પ્રદર્શનોનો સારો એવો અંગત સંગ્રહ પણ તેઓ પાસે હતો. શૈક્ષણિક સંસ્થાઓમાં માગણી આવતાં આવા પ્રદર્શનો તે યોજતા. તેઓ જીવનભર ખાદીધારી રહ્યા. અમે તેઓને કદી પણ ખાદી સિવાયનાં વસ્ત્રોમાં જોયા નથી. તેઓનું જીવન સાદું અને સરળ હતું. સ્વભાવે તેઓ કદીક ઉગ્ર થતાં જણાતા પરંતુ તેઓનું હૃદય ખૂબ કોમળ, પ્રેમાળ અને સંવેદનશીલ હતું. તેઓના સ્વર્ગવાસને પરિણામે અમે એક આત્મીય સજ્જન ગુમાવ્યા છે તેનું અમને દુઃખ છે પણ મૃત્યુ એ અવશ્યંભાવિ છે એટલે પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના. □



# સ્વ. શ્રી નાનુરામભાઇ દુધરેજીયાને અંજલિ

તંત્રી

અધ્યાત્મના બીજા સહસંપાદક શ્રી નાનુરામભાઇ દુધરેજીયા-નો સ્વર્ગવાસ પણ ઓગસ્ટ–૨૦૦૦ માં ભાવનગર ખાતે થયો. તેમની વય ૮૦ વર્ષ આસપાસની હતી. છેલ્લા કેટલાય સમયથી તેઓનું સ્વાસ્થ્ય બરાબર ન હતું.

શ્રી નાનુરામભાઇ મૂળ શિક્ષણ જગતના માણસ અને સરકારી નોકરીમાં જોડાઇ તેઓએ પોતાની સૂઝ અને આવડત પ્રમાણે નિષ્ઠાપૂર્વકની સેવાઓ બજાવેલી.

તેઓને જીવનમાં બે જ વિષયોમાં રસ હતો. એક આધ્યાત્મિક અને બીજું રાજકારણ. એટલે તો નિવૃત્તિ પછી ભાવનગરના દૈનિક "સૌરાષ્ટ્ર સમાચાર"ના અગ્રલેખ તેઓ લખતા અને "ધર્મક્ષેત્રે–કુરુક્ષેત્રે"ની કોલમ પણ સંભાળતા. એ રીતે તેઓ મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં આવ્યા. અને પૂ. મા શ્રી સર્વેશ્વરી-માના પણ પ્રસંશક બન્યા. એક પત્રકાર ઉપરાંત આધ્યાત્મિક રસ હોવાને કારણે તેમને માટે આ શક્ય બન્યું.

'અધ્યાત્મ' માસિકના પ્રકાશનનો એકડો શ્રી નાનુરામભાઇએ અમને શીખવ્યો. તે પછી જેમ બાળકને પ્રારંભમાં ચાલવા શીખવવા માટે આપેલી ચાલનગાડી લઇ લેવામાં આવે તેમ ધીરેથી પોતે ખસી જઇ અમને સ્વતંત્ર રીતે પગભર થતાં શીખવ્યું. તેઓશ્રીની એ સેવાને લીધે જ એમનું નામ 'અધ્યાત્મ'ના સહસંપાદક તરીકે ચાલુ રાખવામાં આવેલું.

રામકથા એમનો પારિવારિક વ્યવસાય. તેથી શિક્ષણ અને આધ્યાત્મિક અભિરુચિએ તેઓને પ્રવચનકાર પણ બનાવ્યા. ભાવનગરની યશોનાથ સત્સંગ મંડળની દૈનિક સત્સંગની બેઠકો-ને પણ પોતાના આધ્યાત્મિક પ્રવચનોથી શોભાવી.

મળવાનું ઓછું થતું હોવા છતાં તેઓ અમારા અંગત સ્નેહી-ઓમાં સ્થાન પામેલા. તેઓ પણ ખાદીધારી હતા. વયને કારણે શારીરિક અશક્તિ તેઓ અનુભવતા તેમાં તેમના ધર્મપત્ની તેમનો પડછાયો બનીને સેવા કરતાં અને સંભાળ રાખતાં. આ રીતે તેઓમાં એક આર્યનારીનું દર્શન થતું.

જ્ઞાતિની રીતે અને રામકથાના રસિયા તરીકે પૂ. શ્રી મોરારી-બાપુ સાથે તેઓ જોડાયેલા અને તેઓશ્રીની સાથે સિંગાપોરની કથાયાત્રામાં જોડાયેલા એવું યાદ છે.

કોઈને કોઈ રીતે પ્રભુ સાથે જોડાયેલા જીવને મૃત્યુ પછી શાંતિ જ હોય. તેમ છતાં આપણે એક સ્નેહી તરીકે તેઓને શાંતિ મળે તે માટે પ્રભુને પ્રાર્થીએ.

## લવાજમ અંગે સૂચના

અધ્યાત્મ માસિક સપ્ટેમ્બર–૨૦૦૦ માં તેનાં ૨૧ વર્ષ પૂરાં કરી, ૨૨ મા વર્ષમાં પ્રવેશ કરશે. જે સાધક ભાઈ-બહેનો વાર્ષિક લવાજમ ભરતાં હોય તેઓ તેઓનું લવા-જમ સપ્ટેમ્બર–૨૦૦૦ ના અંતસુધીમાં તંત્રીને મની-ઓર્ડરથી મોકલાવે તેવી વિનતિ.

— તંત્રી



# પ્રો. શ્રી ભટ્ટ સાહેબને અંજલિ

તંત્રી

પ્રો. ટી. જી. ભટ્ટ, સુરતનો સ્વર્ગવાસ પણ ઓગસ્ટ, ૨૦૦૦ માં થયો.

તેઓ ભાવનગરની ભાવસિંહજી પોલીટિકનીકમાં પ્રાધ્યાપક તરીકે હતા, ત્યારે પૂર્વના સંસ્કારોને પરિણામે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં આવ્યા. આધ્યાત્મિક અભિરૂચિ અને નેતૃત્વના સારા ગુણોના પરિણામે, તેઓ શ્રી યોગેશ્વર પરિવારમાં આગવું સ્થાન પામ્યા પછી તેઓની બદલી સુરત થઈ અને તેઓ ત્યાં સ્થિર થયા.

સુરતમાં શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ચલાવવામાં તેમનો ફાળો મહત્ત્વનો રહ્યો. પ. પૂ. મહાત્મા શ્રીની સુરત ખાતેની છેલ્લી ધ્યાન સાધનાશિબિર યોજવામાં તેઓ નિમિત્તરૂપ બનેલા.

સારી વાક્છટા અને મિલીટરીમાં નોકરી કરેલી હોવાથી કડક લશ્કરી શિસ્ત ધરાવતા શ્રી ભટ્ટ સાહેબ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પણ સંનિષ્ઠ શ્રદ્ધાળુ ભક્ત હતા. વ્યવહારમાં વ્યક્ત થતી કડકાઈ પાછળ, ઘણીવાર લાગણીપૂર્ણ કોમળ હૃદયનું દર્શન પણ તેમના જીવનમાં થતું. છેલ્લે તેઓનો સ્વભાવ પણ કોમળ અને શાન્ત બની ગયેલો.

વૃદ્ધાવસ્થા અને શારીરિક તકલીફોને લીધે છેલ્લા કેટલાક સમયથી તેઓ આધ્યાત્મિક જાહેર પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લઈ શકતા નહિ, આમ છતાં પૂ. યોગેશ્વરજી અને પૂ. મામાં

તેઓની શ્રદ્ધા છેવટ સુધી સારી એવી હતી. એમનાં ધર્મપત્ની પણ આધ્યાત્મિક અભિરૂચિવાળાં હોઇ શ્રી ભટ્ટ સાહેબને હંમેશા મદદરૂપ થતાં રહેતાં.

એમના સ્વર્ગવાસથી સુરત ધ્યાનકેન્દ્રને, તેમ જ તેમના પરિવારને મોટી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાન્તિ આપે એ જ પ્રાર્થના.

---

સંસાર એ કાંઇ સુખ, શાન્તિ, સાનુકૂળતા ને સફળતાથી જ ભરેલો નથી. એમાં દુઃખ પણ આવે, અશાંતિ પણ અનુભવાય, પ્રતિકૂળતાનો પ્રસાદ પણ મળે અને નિષ્ફળતાઓય નાહિમત કરે, આ બધી ગણતરી રાખીને જ સાધકે ને સંતપુરુષે ચાલવાનું છે. આ બધી પરિસ્થિતિઓ એના ઘડતર માટે જ પ્રભુ જીવનમાં લાવતા હોય છે, જેથી આ બધા વચ્ચે પણ તે કેવી સ્વસ્થતા રાખે છે તે પ્રભુ જોવા માગે છે. તે જ તેની પરીક્ષા છે.

યોગેશ્વરજી

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.



# સાધકોના કેલગરી શિબિરમાં નિયમો

**(સમય તા. ૯-૭-૨૦૦૦ થી ૬-૮-૨૦૦૦)**

| વિષય | સાધકો |
|---|---|
| સવાલાખ મંત્રજપ | ૪૨ |
| ધર્મગ્રંથ વાંચન | ૨૬ |
| પાંચ લાખ મંત્રજપ | ૧૪ |
| ૧૦૮ સ્તુતિ | ૧૪ |
| લીલામૃત પારાયણ | ૧૧ |
| દરરોજ ૫૦૦ પ્રણામ | ૦૫ |
| ત્રણ લાખ મંત્રજપ | ૦૩ |
| વિશેષ પ્રણામ | ૦૮ |
| રામાયણ પારાયણ | ૦૧ |
| પ્રકાશના પંથે પારાયણ | ૦૧ |
| કુલ | ૧૨૫ |

**નોંધ :** કુલ ૧૨૫ સાધકો હતા. જેમાં ૨૫ વિદ્યાર્થીઓ હતા. દરેકે નિયમો લીધા ને પૂર્ણ કરવા પ્રયત્ન કર્યો.

# તીર્થસલિલાનું આચમન

સુશીલાબેન ભક્ત, ન્યુજરસી

અત્યંત નિરવ શાંત પ્રદેશ! કોઇ મૌની ઋષિનો આશ્રમ. ચારેય દિશા હરિયાળીથી ભરપૂર. ઊંચા ઊંચા શંકુ આકારનાં વૃક્ષો, ક્યાંક ક્યાંક નદીકિનારાને જોડતી કંડારાયેલી કેડીઓ, કંકડ-પત્થરથી પથરાયેલા રસ્તા, ઘુઘવતી ધસમસતી નદીનો કલશોર, એકદમ રમણીયતામાં રૂમઝૂમતો પ્રદેશ. વન્ય શોભાને શણગારતાં વન્ય રંગબેરંગી ફૂલો. તેમાં સહુથી સુંદર જંગલી ગુલાબનાં ફૂલો. પાંચ જ પાંખડી પણ સુવાસ ભારતના ગુલાબ જેવી જ સમજો.

આવા કુદરતી સૌંદર્યવાળા પ્રદેશમાં પૂ. મા સાથે ગાડીમાંથી ઉતર્યાં. અને શ્રીમતિ પદ્માબેન પૂજારણ, પુષ્પહાર, કુમકુમ, અક્ષત સાથે દોડી આવી. શબરીભાવે ઘેલી બની ગઇ. "મા જગદંબાના દરબારમાં પૂ. મા-પ્રભુનું સ્વાગત હો! સ્વાગત હો! ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!" એવા શબ્દો ઉચ્ચાર્યા! ખૂબ જ ભાવિક યજમાન! આંખમાં હર્ષનાં આંસુ ઊભરાયાં.

અમે ચારે બાજુ નજર દોડાવી. કેટલું સુંદર મનમોહક સ્થાન! અહીં એક નવા જ ત્રણ-ચાર ફૂટના ઝાડવાં જોયાં તેનો રંગ સફેદ. પાંદડાં પણ સફેદ જેવાં અને જાડાં. સૂર્યના પ્રકાશથી ચકચકિત. મને વિચાર આવ્યો; શ્રી હનુમાનજી-લક્ષ્મણજી માટે સંજીવની લેવા દોડયા તો ખરા પણ ચકચકિત વનસ્પતિથી અંજાઇને વિમાસણમાં પડી ગયા. મને થયું કે આ તે જ વનસ્પતિ છે કે શું?



આવા મનોહર દૃશ્યને જોતાં જોતાં ચાલવા લાગ્યાં. અતિ રમણિયતાને જોઇ પ્રભુને પ્રાર્થના કરી; ખૂબ દૂરના પ્રદેશમાં આવી ચઢી છું. જરૂર કોઇ દિવ્યતાનાં દર્શન કરાવજો. કોઇ સરસ અનુભવ કરાવી આનંદિત બનાવજો!

ત્રીજા દિવસથી શિબિર શરૂ થવાની હતી. આ અગાઉ મેં કાયાવરોહણ, વડોદરા, સુરત, બારડોલીની શિબિર ભરી હતી. પરંતુ પૂરેપૂરા દિવસો નહીં. આ પ્રથમ શિબિર હતી. જેમાં પૂરા ત્રીસ દિવસ સુધી મારી હાજરી હતી. જેને કારણે આ વિસ્તૃત લેખ લખાઇ રહ્યો છે.

આમ જોતાં આ મૌન સાધના શિબિર મારી દૃષ્ટિથી સર્વાંગીય હતી. જેમાં માનસિક વિકાસ આત્મિક વિકાસ હતો. અને વળી શારીરિક વિકાસની પણ ઉત્તમ તાલીમ આ શિબિરમાંથી મળી રહી.

આખો દિવસ સવારે ૬-૩૦ થી રાત્રે ૧૦-૩૦ સુધી પૂ. માનું સાન્નિધ્ય મળતું. પ્રભાત વંદના સાથે પ્રણામ. આસનો અને હળવી કસરતોથી શરીરની સમતુલા જળવાઇ રહે. સાધકો શિબિરમાંથી કંટાળો-થાક નહિ પણ સ્ફૂર્તિ પામે કરી, શરીરને યોગ માટે મજબૂત બનાવીને-ઘરે જાય. એ પૂ. માનો હેતુ રહ્યો. આમ શારીરિક સમતુલાના પાઠ શીખ્યા.

વળી આત્મિક-બૌદ્ધિક વિકાસ માટે મનુષ્ય તરીકેનું ધ્યેય પ્રભુદર્શનનું છે. તેને માટે સવારમાં ૭-૩૦ પછી પ. પૂ. યોગેશ્વર પ્રભુના શ્રીમદ્ ભગવદ્ગીતાનો ૬ ઠ્ઠો અધ્યાય-આત્મસંયમ-યોગનાં પ્રવચનોને રોજ જ સંભળાવ્યાં. જેમાં ભારે સુસંસ્કૃત ઉચ્ચ પરા વાણીનો વૈભવ હતો. જો કે સરળ દૃષ્ટાંતોને આવરી

લેવાતાં, એ વૈભવીવાણીને સમજવી સરળ અને સહજ બની રહેતી. જે દિવ્ય વાણીનો અનાદર થઇ શકે જ નહીં.

તેની સાથે સાથે બપોરે કે રાત્રે સંતોના સત્ચરિત્રોની ફિલ્મ પણ જોવા મળતી. સંત કૃષ્ણદાસ, સુરદાસ, સાંઇનાથ—વિ.ના સુંદર ચરિત્રોથી, પ્રભુપ્રાપ્તિ સાથે સેવાભાર, સમર્પણભાવ મનુષ્ય-જીવનમાં કેટલો જરૂરી છે તેઓના આદર્શ જીવનમાંથી શું શું ગ્રહણ કરવાનું છે તેની સુંદર તાલીમની તક મળી. સહુ સાધકો પોત-પોતાની ભૂમિકા પ્રમાણે ગ્રહણ કરે. એ સહુના ભાગ્યની વાત છે.

વળી પૂ. ડોંગરે મહારાજની ભાગવતકથા—એટલી ભગવત્ ભાવમાં લીન કરે એવી હતી કે વ્યક્તિના મગજમાં એવી દૃઢ છાપ ઉપસાવી કે "કૃષ્ણ વિના કોઇ નથી રે!" તેઓ સદૃષ્ટાંત—સહૃદયી ભાગવત કથામાં સહુને તલ્લીન—ઓતપ્રોત બનાવતા હતા. અમે સહુ કેલગરીમાં બેઠાં બેઠાં ગોકુળના ગોપીભાવમાં ગરકાવ થઇ ગયાં. અમે સહુ હોલરૂપી હવેલીમાં બેઠાં બેઠાં રાસલીલાના રસમાં રસિક બન્યાં. વળી આ મહાન સંતને એટલે કે પૂ. ડોંગરે મહારાજને 'કૃષ્ણ'–'કૃષ્ણ'; કહેતાં, ગદ્‌ગદ્ બની આંસુ સારતા નિહાળ્યા. આ અમારી આત્મિક વિકાસની, ભગવત્ ભાવની પરિપાટી હતી. કેમ કે જોનારાં સહુની આંખો ભીની બની રહેતી.

તો મનને કેમ નાથવું? મનને કેવી રીતે એકાગ્રચિત્ત કરવું? મનને કેમ કાબૂમાં રાખવું? એના અનુસંધાનમાં પૂ. માએ લખી લખીને મનની એકાગ્રતા માટે શીખામણ આપી. ધ્યાન ખૂબ જ જરૂરી છે. ધ્યાનની સમજ આપી કે નાડીશોધન ક્રિયા, ષડ્‌મુખી મુદ્રા, યોગમુદ્રા કરવી. પદ્માસન વાળવું. બદ્ધપદ્માસન વાળવું વગેરે. શ્વાસોશ્વાસની ક્રિયા સમજાવી. ભોજન પર સંયમ કેળવવો



ખૂબ જ જરૂરી છે. લોહીનું પરિભ્રમણ સારું થાય. અંગ જકડાઇ ન જાય તે રીતે કસરત કરી મનને સંયમી બનાવવાનો પૂ. માએ આદેશ કર્યો. સાથે સાથે 'ૐ નમો ભગવતે યોગેશ્વરાય'ની ધૂનના ગુંજન સાથે ધ્યાન સાધનાનો પરમ આનંદ પણ ચખાડયો.

વળી પૂ. મહાત્માજી પણ આ વિશે કહે છે કે "જપની સંખ્યાથી કંઇ ન વળે. છળ—કપટ—જૂઠને છોડીને, મનનું, ઇન્દ્રિય-નું, સંયમનું તપ કરવાથી પરમાત્મા તરફ આગળ વધી શકાય. માટે ચિત્તની શુદ્ધિ કરવી. અભ્યાસ અને વૈરાગ્યથી મનને કાબૂ કરી શકાય."

આમ શિબિરમાં અમને ત્રણે પ્રકારની સર્વાંગી વિકાસની કેળવણી વ્યક્તિગત રીતે કેવી જોઇએ તે સમજાયું.

સામુહિક રીતે એકબીજા માટે કરવો જોઇએ તેવો ત્યાગ, મીઠી વાણીથી વ્યવહાર શુદ્ધિ, બાળકોનો કેવી રીતે ખ્યાલ રાખવો જોઇએ. આ બધી બાબતોનો સમન્વય સમજાવ્યો.

હવે શિબિરની બીજી અન્ય બાબતો કેટલીક આંખે ઊડીને વળગે તેવી અગત્યની છે. તેમાં સર્વ પ્રથમ દિવસે જ એક અદ્‌ભુત ઘટના ઘટી. શ્રી મંજુલાબેન અમેરિકાના ફ્લોરિડા રાજ્ય-માંથી શિબિરમાં એક મહિના માટે આવ્યાં. પરંતુ કોઇક શરત-ચૂકથી તેમને એરપોર્ટ ઉપર લેવા માટે કોઇ જઇ શક્યું નહીં. એરપોર્ટથી શિબિરનું સ્થાન એંશી કિલોમિટર દૂર હતું. કરુણા તો એ હતી કે તેમની પાસે પોતાના ઘરનો ફોનનંબર સિવાય કોઇ ફોન નંબર કે ગુજરાતી સિવાયની કોઇ બીજી ભાષા પણ ન હતાં. રાત્રે બાર વાગ્યે નિરાધારનો આધાર એવા શ્રી પરબિન્દરસિંહ રાંઢવા પંજાબી—શીખ ભાઇ સામેથી મળ્યા. જેઓએ દેવદૂતની ગરજ સારી. તેઓએ પોતાની સજ્જનતાથી પરિવારનાં જ સુ-

પરિચિત સભ્ય હોય તે રીતે મંજુલાબેનને પોતાના ઘરે લઈ જઈ આવકાર્યાં. તેઓનો પુત્ર પણ ખૂબ ધાર્મિક સ્વભાવનો હતો. જે મંજુલાબેનને આશ્વાસન આપી નિર્ભય બનાવતો હતો. અડધી રાતે શિબિરમાં ફોનની ઘંટડી રણકી ઊઠી. વ્યવસ્થાપકો પૈકી સવારમાં જ શ્રી વાસુદેવભાઈ તથા શ્રીમતિ પદ્માબેન જેઓ ખૂબ ઉદાર–પ્રેમાળ યજમાનરૂપે સહુ સાધકોનાં દિલમાં વસી ગયાં છે તેઓ મંજુલાબેનને લેવા માટે પહોંચ્યાં. પેલા શીખ પરિવારનો ખૂબ આભાર માન્યો. અને આમંત્રણ આપ્યું. સાચે જ તેઓ ત્રણ વખત શિબિરમાં સપરિવાર પધાર્યાં. પૂ. માને ભાવપૂર્વક પ્રણામ કરીને કહે મેં કશું જ કર્યું નથી. આપ પરમ શક્તિ એવાં પૂ. માતાજીની પ્રેરણાથી અણધાર્યું જ બન્યું છે. સદ્‌ભાગ્યે તેઓશ્રી ખૂબ ધાર્મિક ભક્તિભાવવાળા નીકળ્યા. તેમણે સત્ શ્રી અકાલનાં જયઘોષ સાથે પૂ. માની આજ્ઞાથી ગુરુબાની સમજાવી. નાનક-સાહેબનાં પદો ગાયાં. તેઓ ખૂબ સેવાભાવી નમ્ર આડંબરરહિત હતા. સહુને માટે પ્રેરકપુરુષની પ્રતિભા ઉપસાવી ગયા. તેમની નિઃસ્વાર્થ સેવાભાવના તથા સજ્જનતા પ્રશંસનીય હતી. પૂ. માએ ભેટો સહિત ખૂબ ખૂબ આશીર્વાદ વરસાવ્યા. તેઓએ પૂ. મા પાસે વચન લીધું કે **आपका चरण हमारे घरमें डालने ही होंगे।** આમ પૂ. શ્રી પ્રભુને ટીહરી જતાં ઘોર જંગલમાં મારગ અને ભોજનની મીઠાશ મળી હતી. તેવી રીતે ચમત્કારિક અને દિવ્યતાના દર્શન કેલગરીમાં મંજુલાબેનને થયાં! ગુંડાતત્ત્વથી કેવો અદ્‌ભુત બચાવ! આ કોની કૃપા? વાચક જાતે જ વિચારે.

હવે રહી બાળકોની વાત! તેઓએ ગુરુપૂર્ણિમાનો મંગળ ઉત્સવ કેવી રીતે ઉજવ્યો તે જોઈશું.

મંગળ પ્રભાત ઉઘડયું. સૂર્યપ્રકાશિત વાતાવરણ હતું. સુંદર



શ્લોકો અને પ્રભાતના રાગમાં મઢેલી ધૂન સાથે મંગળ પ્રારંભ થયો. આજે સમય ૬–૩૦ ને બદલે થોડો વહેલો રાખ્યો હતો. પૂ. માએ પ્રણામની પ્રથમ અંજલિ પ્રાતઃસ્મરણીય શ્રી ગુરુદેવનાં ચરણે ધરી. ગુરુલીલામૃતનો પાઠ થયો. બપોર પછી એક સાંસ્કૃ-તિક કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમ માટે આ જ કમ્પાઉન્ડમાં એક વિશાળ તંબુ હતો. જેમાં બધા સાધકો બેસી શકે અને સરસ મોકળાશવાળું સ્ટેજ પણ હતું. ત્યાં આ કાર્યક્રમનું આયોજન થયું. સમય બપોરે ૩–૩૦ પછીનો રાખ્યો હતો. આ આખોય કાર્યક્રમ બાળકોનો હતો. કેનેડા તથા અમેરિકાથી આવેલા ૧૩ થી ૨૦ વર્ષના કુમારોએ આ કાર્યક્રમનું આયોજન સુંદર રીતે દીપાવ્યું. જેમાં ભજનો, ધૂન, નરસૈંયાની હૂંડી, ગરબો, શ્રી વિષ્ણુ ભગવાનની માનસપૂજા કરતું કથક નૃત્ય તેમ જ પૂ. શ્રીના જીવનમાંથી બે પ્રસંગો. (૧) કડક ગૃહપતિને ફક્ત પ્રાર્થનાના બળથી માંદગીમાંથી પૂ. શ્રીએ કેવી રીતે ઉગાર્યા, તે પ્રેરક પ્રસંગ. (૨) ટીહરી જતાં માર્ગમાં ગામ વસાવી, સત્સંગની સુવાસિત દિવ્યતાને રજૂ કરી, ચમત્કારિક પ્રસંગને ચિત્રિત કર્યો. તો કેટલાક નાના કિશોરોએ, લંકાપતિ રાજા રાવણને છેલ્લે છેલ્લે પણ કંઈ પરિવર્તન થાય એવું અને સીતાજીની મુક્તિ થાય, એવા સદ્-ઉપદેશવાળું, વિનંતિ કરતું નાટક રજૂ કર્યું. આ બાળકો સાવ ગામડીયા ગુજરાતી અંગ્રેજીભાષી હતા. જેમની ગુજરાતીભાષાથી સહુને રમૂજ મળ્યું. 'સારે જહાંસે અચ્છા' રાષ્ટ્રભક્તિવાળા સમૂહ-ગીતથી' સમાપ્તિ થઈ. કેટલાક સાધકોએ નિર્જળાવ્રત કર્યું. તો બાકીના બધાંએ જ ફળાહાર–દૂધ લઈ દિવસમાં ત્રણ રખત પ્રણામોની અંજલિ ધરી. આજની વિશેષતા તો એ હતી, કે પૂ. માએ સહુની હાજરીમાં એક જ દિવસમાં ૧૫૦૧ પ્રણામ કરી

સહુને અચરજમાં મૂકી દીધા. અરે નવો વિશ્વવિક્રમ સ્થાપી બધાને હરાવી દીધા. આ હતી શિબિરાર્થીઓની ગુરુપૂર્ણિમા.

અમારી શિબિરમાં ૬ વર્ષથી ૭૫ વર્ષના આબાલ વૃદ્ધો હતાં. તેમાં ૧૨ વર્ષની અંદરના બાળકો હતાં તેઓ પણ ઓછા ન હતા. એક બાલિકા એક દિવસમાં ૧૦૦૦ પ્રણામ કરે અને નિર્જળા–વ્રત પણ કરે. એવી એ ગોપી. કેવો ગોપીભાવ! તો એક આઠ વર્ષીય કિશોર રોજના ૫૦૦ પ્રણામ કરે. તો એક દિવસ ૧૦૦૦ પ્રણામ કરે. ધ્રુવ જેવો અચળ તો આ ધ્રુવકુમાર કેનેડાનો વતની છે. અને આ ગોપી એલ. એ.ના રહેવાસી છે. છે ને! પરદેશનાં બાળકોમાં પણ પૂ. મા માટેની શ્રદ્ધાભક્તિની દૃઢતા!

વળી છેલ્લા દિવસોમાં પૂ. શ્રીના સમગ્ર જીવનને આવરી લેતા દૃશ્યોવાળું નાટક નાનામોટા કુમાર કિશોરોએ મળીને રજૂ કર્યું. ગુજરાતીભાષામાં રજૂઆત કરવી આ બાળકો માટે ઘણી અઘરી બાબત છે. આ નાટકમાં રમણમામાના પાત્રમાં પ્રેમળ શાહ અને ગૃહપતિના પાત્રમાં યોગેશ લાડ સૌથી રધુ ચમક્યા હતા. જેમના સંવાદથી સહુને હાસ્ય મળ્યું. તો વળી યુવાન યોગેશ્વરજીને હિમાલય જતી વેળાએ વિદાઇ આપતાં, મા જ્યોતિર્મયીના પાત્રમાં કુ. હેતલ શાહે પ્રેમાળ માતાના દર્શન કરાવીને, હૃદયદ્રાવક રૂદનથી સહુની આંખો ભીંજવી દીધી હતી.

તો છેલ્લે યુવાન, આધેડ અને વૃદ્ધ એવા એક સમૂહે યોગેશ્વર બાવનીને ચાર ભાગમાં વ્હેંચી જુદા જુદા રાગોમાં ગાઇને પૂ. માને અતિ પ્રસન્ન કર્યાં.

શિબિરમાં દેવશયની એકાદશીની તિથિ આવી. તે દિવસે અમે ગિરિરાજ–પરિક્રમાની દસ્તાવેજી ફિલ્મ જોઇ. એકાદશીનું મહત્ત્વ શું? એની સમજણ પૂ. માએ લખી લખીને સમજાવી., અને તે



દિવસના પૂ. શ્રી યોગેશ્વરના પ્રવચનની કેસેટમાં પણ એ જ બાબત સમજાવી.

હવે અહીં શિબિરમાં કેટલાંક ભાઇબેનો વૈષ્ણવો હતાં તેમને યમુનાસ્નાન, ગિરિરાજધરણની યાદ સતાવતી હતી. પૂ. મા તો અંતરયામી! એ કંઇ પાછાં પડે! એમણે તો તરત જ સહુને સમૂહમાં ભેગાં લઇ જવાનું સૂચવ્યું. બધાંને થયું અત્યારે તો ભેગાં થવાનો કોઇ કાર્યક્રમ નથી. સૌને લાઇનમાં બાવની ગાતા ગાતા રમણીય નદી કિનારે લઇ ગયાં. નદી આમેય આ દેશોમાં નિર્મળ–સ્વચ્છ જ હોય છે. રળી આ જંગલમાં કોઇ સરકારી રોકટોક પણ નહીં. આથી પૂર્ણ સ્વતંત્રતા હતી. અહીં કિનારા પર અમે એકત્રિત થયાં. યમુનાષ્ટક જેમને થોડું ઘણું કંઠસ્થ હતું તેમણે ગાયું અને પછી જુઓ આનંદની સરવાણી. પૂ. માના ચરણસ્પર્શથી આ નદી, નદી ન રહેતાં પુણ્યસલિલા બની ગઇ. ગંગામૈયા માનો કે યમુને મહારાણી માનો. એ પવિત્ર બની ગઇ. પૂ. માએ સહુ સાધકોને મન મૂકીને મધુર, નિર્મળ જળનો છંટકાવ કરીને યાત્રાનું પુણ્ય આપ્યું.

**गंगा पानं, यमुना स्नानं, तापी स्मरणं रेवायास्दर्शनं पुण्यम्।**

એ બધી અનેક લોકમાતાનું સ્થાન એકમાં સમાઇ ગયું. પાન, સ્નાન, સ્મરણ, દર્શન એ એક જ તીર્થસલિલામાં એકત્વ પામ્યું. એ નદી પણ વાસુદેવત્વ પામી, ધન્યતાને વરી. ભારતીય સંસ્કૃતિનો કેવો સુભગ યોગ! જ્યાં પૂ. મા સર્વેશ્વરી કેનેડાની ભાગીરથીને પણ ભાગ્યશાળી બનાવે છે.

આ આખીય શિબિરમાં કેટલાંક નમ્ર સેવકો વિસરાવાં ન જોઇએ. જેમાં આવે છે. ભરતભાઇ, નરેન્દ્રભાઇ, કેનેડાવાળા, અનિલભાઇ, વાસુદેવભાઇ, અંબુભાઇ, વિનોદભાઇ, સરોજબેન

વિગેરે કેટલાંક નામીઅનામી. જેઓ પોતાના ક્ષેત્રમાં રહી ક્યાંક કોઇ ક્ષતિ ન રહે એ રીતે સદાય સૈનિકની અદાથી કર્તવ્યને બજાવી રહ્યાં હતાં. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ! વળી કેટલાક બે અઠવાડિયા માટે આવીને પણ સેવાની સુવાસ પ્રસરાવી ગયા હતા.

વળી રસોડામાં જે મર્યાદા હતી તેમાંથી મધુર સ્વાદિષ્ટ ભોજન સમયસર ન મળ્યું હોત તો સાધના શી રીતે થાત? તો તે તમામ બહેનો તથા મદદનીશ બહેનોને પણ ધન્યવાદ! આપીએ તેટલાં ઓછાં પડે. વ્યવસ્થા જ એવી હતી કે રોજ રાત્રે સૂંઠની ગોળી અને હરડેનો પ્રસાદ મળે જ મળે, પછી સાધકોને માંદગી દૂરથી જ નમસ્કાર કરે.

આ આખીય શિબિરમાં પૂ. માનું સતત સાન્નિધ્ય. સવારે ૭ વાગે પૂ. માના પ્રણામ સાથે સામૂહિક પ્રણામ હોય ત્યારે મંગળા-નાં દર્શન થાય તે ઠેઠ રાત્રે ૧૦–૩૦ સુધી શયનના દર્શનસુખથી સમાપ્તિ થાય. ક્યારેક વાંચનના સમયે આવી ઊભાં રહે. તો ક્યારેક રસોડાનો ઘંટ જાતે જ વગાડીને પીરસી જાય. તો વળી કોમ્પ્યુટર રૂમમાં સૂચનો આપતાં હોય, તો ક્યારેક બપોરે કે રાત્રે બધા રૂમોમાં ઓચિંતી વિઝીટ થઇ જાય. અરે! કોઇ માળા ફેરવતાં ફેરવતાં ઝોકૂ ખાઇ જાય તો તેમની પાસે વાંકા વળી ચપટી વગાડી જાગ્રત કરી જાય. તો વળી ક્યારેક મોઝડી પહેરીને સડસડાટ ઝડપથી ચાલવા જતાં હોય તે નજરે ચઢી જાય. તો ક્યારેક કોક સાધક રસ્તાપર ચાલતા હોય તેમને ઇશારાથી સાથે લઇને એમની ઝડપે ચાલતા–દોડતાં કરી દે. તો મારા જેવા વૃદ્ધને રસ્તામાં જ ફૂંફાડાં મારતાં મારતાં ચાલે તેઓને તો ક્યાંક મહાન કરીને ભાગે. અરે, કોઇ નદી કિનારે છૂટા છવાયા બેઠેલા માળા ફેરવતા સાધકોને દર્શન કરાવીને અદૃશ્ય થઇ જાય. ક્યારેક કોઇ નમણી



સાંજે ખુશનુમા વાતાવરણ હોય, સૂર્ય પ્રકાશિત હોય ત્યારે વળી બાળકો સાથે બોલ રમે, પકડાપકડીનો દાવ ખેલે. મોટેરાઓને પણ બોલ રમાડે, ગરબા ગવરાવે. બાળકોને ઊંચા કૂદકા મરાવી, પોતાની મૂઠીમાં ચોકલેટ ભરીને ઊંચા હાથ કરીને ચોકલેટની લ્હાણી કરે–વર્ષા વરસાવે. રખેને એકસરખા ખોરાકથી બાળકો નારાજ થાય તે પહેલાં આઇસ્ક્રીમ પણ ખવડાવી દે. સાચે જ વિધવિધરૂપે જ્યાં જોઉં ત્યાં મા સર્વેશ્વરીનું દર્શન સુખ.

ખરેખર જેઓ કેવી રીતે? કેમ કેમ? શું શું? ઓહ? અરેરે? આ તો નહીં ફાવે? એવા વિચારનારા રહી ગયા. કિનારે જ રહી ગયા. અને જેઓ યેનકેન પહોંચ્યા તેઓ ફાવી ગયા. પૂ. માની પ્રેમ–પાવનગંગામાં ખૂબ ન્હાયા. સતત દર્શન સુખ પામીને સૌ કૃતકૃત્ય થયા. ધન્ય થયાં. માણ્યું તેનું સ્મરણ કરવું એ જ છે એક લ્હાણું!


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ કરાવેલ

# પૂ. માની આધ્યાત્મિક ઓળખ

**વિજયભાઇ પુરોહિત (બાપજી)**

[શ્રી વિજયભાઇ પુરોહિત (બાપજી) એક સારી ઊંચી કોટિના સાધક છે. તેમની સાધનામાં જ્ઞાન, ભક્તિ અને યોગનાં તત્ત્વો ભળેલાં છે. તેઓએ ઠીક ઠીક એકાંત પરિભ્રમણ માઉન્ટ આબુ, ગિરિનાર અને હિમાલયના પ્રદેશોમાં સાધનાત્મક ભાવથી કરેલું છે. એટલે તેઓ પ્રભુની કૃપાનો પ્રસાદ પણ પામતા રહ્યા છે.

જીવનમાં પહેલી જ મુલાકાતે પ. પૂ. શ્રી યોગેશ્વરજીમાં તેમને ગુરુભાવ જાગેલો. પરિણામે તેઓશ્રીના પરિચયમાં આવ્યા પછી શ્રી વિજયભાઇની સાધનામાં તીવ્રતા આવી ને જીવનનું અંતિમ ધ્યેય હાંસલ કરવામાં પૂ. ગુરુદેવ અને પૂ. મા સર્વેશ્વરીએ તેમને માર્ગદર્શન પૂરું પાડયું છે ને હજી પણ પાડી રહ્યાં છે. પૂ. મામાં પણ તેઓ ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે છે.

ફેબ્રુઆરી–૧૯૮૨ માં પ. પૂ. ગુરુદેવ શ્રી માંદગીમાંથી સ્વસ્થ થયા પછી વડોદરા ખાતે શ્રી જીતુભાઇ ગાંધીને ત્યાં આરામ કરી રહ્યા હતા, ત્યારે શ્રી વિજયભાઇ ત્યાં ગયેલા. ત્યારે પૂ. ગુરુદેવે પૂ. મા શ્રી સર્વેશ્વરીનો પરિચય વાર્તાલાપદ્વારા જે આપેલો તે શ્રી વિજયભાઇએ અક્ષરસઃ નોંધી લીધેલો. પૂ. મા પૂ. મહાત્માજીને મન કેવી મહાન દિવ્ય હસ્તી છે, તેનો પરિચય આ ટૂંકા લેખમાંથી મળી રહે છે. જેઓ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને થોડાં પણ જાણે છે, તેઓ સર્વને પૂ. માની આવી આધ્યાત્મિક ઓળખ પ્રાપ્ત કરવામાં



આ લેખ ઘણો મદદરૂપ થસે, તેમ માનીને અત્રે રજૂ કર્યો છે. તેમાં કોઇ વધુ પડતી પૂ. માની પ્રશસ્તિ કે પ્રશંસા કરવાનો ભાવ વાંચકો ના જુએ, એ જ વિનંતિ. —તંત્રી]

ફેબ્રુઆરિ ૧૯૮૨–વડોદરા(અલ્કાપુરી, અરુણોદય સોસાયટી, ધીરજબાગ)માં ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજી પ. પૂ. મા સર્વેશ્વરી સાથે બિરાજમાન હતા.

બપોરનો સમય હતો. અમે પહોંચ્યા ત્યારે પ્રભુશ્રી પૂ. મા સાથે ભક્તોને દર્શન સુખ સાથે સત્સંગનું પરમ સુખ પણ આપી રહ્યા હતા. પ્રશ્નો પૂછાય અને પ્રભુ શ્રી પોતાની રમૂજી ભાષામાં લહેકા સાથે હાવ, ભાવ, ભંગીમા કરીને જવાબો આપે. એ દર્શન શ્રવણથી ક્યારેક હાસ્યના ફૂવારા ઊડે, તો ક્યારેક શાંત આનંદમાં અંતર ડૂબી જાય. એમ આજે પણ સૌ ગમ્મત સાથે જ્ઞાન, આનંદ, શાંતિ તો રસાસ્વાદ માણતા હતા. ત્યાં જ પ્રો. શ્રી રાજેન્દ્રભાઇ પુરોહિતે સાધના માટેનો અગત્યનો પ્રશ્ન કર્યો.

**પ્રો. રા. :** ઉપવાસ કરવાથી, દેહ દમન કરવાથી સાધનામાં કાંઇ ફાયદો ખરો?

**પ્રભુશ્રી :** જડ તપસ્યા, (દેખાદેખી થાય) ઉદ્દેશ્યવિના જે તપ થાય તે વ્યર્થ છે. જે તપ, પવિત્રતા અને પ્રભુપ્રેમને, (પ્રભુપ્રાપ્તિ) ને લક્ષ્યમાં લઇને થાય તે યોગ્ય છે. (તે સાધનામાં મદદ કરે છે.)

**પ્રો. રા. :** શ્રી (મહર્ષિ) અરવિંદ પણ વ્રત ઉપવાસનો ઇન્કાર કરે છે.

**પ્રભુશ્રી :** શ્રી અરવિંદ જે કહે તે આપણે બધું જ સ્વીકારી લેવું એવું થોડું જ છે! જુઓ, અમે કેટલા વ્રત, તપ કર્યા છે. ૩૦ દિવસના, ૪૧ દિવસના, ૧૦૧ દિવસ પાણીપરના વ્રતો કર્યા છે,

ને નાનામોટા વ્રતો કેટલાય કર્યાં છે. એનું પરિણામ એ છે કે "સુપર કોન્સ્યસનેસ" છે તેનો સંપર્ક કર્યો. તેને સ્થૂળરૂપે આ જગતમાં આણ્યું (અને પ. પૂ. મા સર્વેશ્વરી પ્રત્યે હાથથી સંકેત કરી બોલ્યા) તે આ 'મા'. વિશેષમાં એ સુપર કોન્સ્યસ સાથે પણ અતુટ સંબંધ બંધાયેલો રહે છે. ધ્યાનમાં બેસવું પડતું નથી. (એ સંપર્ક કરવા માટે).

(પ્રભુશ્રી ધીરગંભીર છતાં પ્રસન્ન છે. પોતાના અંગત અનુભવોને, આધ્યાત્મિક રહસ્યોને ભક્તો સામે પોતાના અંગત એવા આધ્યાત્મિક બાળકો સામે પ્રકટ કરી રહ્યા છે.)

**પ્રભુશ્રી :** બંને હાથમાં લાડુ છે. (એક હાથમાં પરમ શક્તિ સ્વરૂપ નિર્ગુણ અને બીજા હાથમાં સગુણ પ્રકટ મા ભગવતી સર્વેશ્વરી.)

હવે પ્રભુશ્રી આ ગહન આધ્યાત્મિક રહસ્યને પ્રકટાવનારા ધીર ગંભીર શાંત ભાવમાંથી પ્રસન્નતા આનંદની અવસ્થામાં આવી રહ્યા છે. એમણે કરેલી સાધના અને એના ફલ સ્વરૂપ પ્રાપ્ત થયેલ લક્ષ્યથી સિદ્ધિથી પરિતૃપ્તિનો જાણે કે અત્યારે ઓડકાર ખાઈ રહ્યા છે. અને વધુ સ્પષ્ટતા કરતાં કહી:–

**પ્રભુશ્રી :** શ્રી અરવિંદે તો સાધારણ સાધકોને વ્રત(ઉપવાસો)-નો ઇન્કાર કરેલો છે. જે સાધકોનું મન દેહાધ્યાસમાં જ વ્રત સમયે પણ પરોવાઇ રહેતું હોય તેવાઓને... નહીં તો વ્રત કરવા કેટલા કઠોર છે? ભૂખ એવી ભયંકર હોય છે કે એ તો ભૂખ્યા રહીએ ત્યારે જ ખબર પડે. એમ થાય કે હે પ્રભુ કોઇનેય ભૂખે મરવાનો દિવસ આવશો નહીં...હાં...એવું થતું... ને શરીર સૂકાઇ જાય, ચલાય નહીં. બોલાય પણ નહીં. છતાં પ્રભુના પ્રેમથી



પ્રેરાઇને વ્રત કરતા, ને એવો દૃઢ વિશ્વાસ કે પ્રભુ અવશ્ય મા સ્વરૂપે પ્રકટશે. વચ્ચે વચ્ચે પરમશક્તિ મા પણ કહેતાં હજુ વ્રત ચાલુ રાખો. થોડું પાણી લેશો. (ક્યારેક કહે) હવે ના લેશો... (શ્રી રાજેન્દ્રભાઇ સામે જોઇ કહે) તો ઉપવાસ વ્રત વ્યર્થ, નકામાં થોડા જ છે? ધ્રુવ અને બીજા કેટલાય ઋષિઓએ તપ કર્યાં છે. તેનાથી દર્શન પણ થયાં છે ને વરદાન પણ પામ્યા છે. તેમનું જીવન ધન્ય બન્યું છે.

(સૌ મંત્ર મુગ્ધ બની તપનો, વ્રતનો ને સ્વયં પ્રભુશ્રીનો ને મા ભગવતી સર્વેશ્વરીનો મહિમા સાંભળી રહ્યા છે.)

પ્રભુશ્રી વિનમ્રતાથી છતાં ઠોસ મક્કમતાથી બોલ્યા–"અમારા સિવાય કોઇએ આ પૂર્વે પરમાત્મા પોતાની સાથે સ્થૂળરૂપે રહેવા આવે એ માટે પરમાત્માને પ્રકટ કર્યા હોય એવું દેખાતું નથી. શ્રી એકનાથ મહારાજના જીવનમાં ભગવાન શ્રીખંડિયારૂપે આવી કામ કરે છે. પણ એ ભગવાનની ઇચ્છાથી. [નોંધ : શ્રી એકનાથ મહારાજને ત્યાં ભગવાન પોતાની ઇચ્છાથી પધાર્યા છે. એ માટે એકનાથ મહારાજે કોઇ તપ, વ્રત, સાધના કરી નથી. પણ અહીં તો પ્રભુશ્રીએ પોતાની ઇચ્છાને લઇને વર્ષોસુધી કઠોર તપ, વ્રત, પ્રાર્થના કરીને પરમશક્તિ સ્વરૂપ પરમાત્માને મા સર્વેશ્વરી સ્વરૂપે પ્રકટાવ્યાં છે.]

**પ્રભુશ્રી :** રાજેન્દ્રભાઇને કહે–તમે પણ આજે બે દિવસના ઉપવાસ 'ગૌ' હત્યા બંધ થાય તે માટે (સરકાર સામે) કરો છો. ભલે. કરજો. પણ આ લૌકિક કામનાની પૂર્તિ માટે છે. તમે પવિત્રતા અને પ્રભુપ્રેમ વધે તેવી પ્રાર્થના કરતા રહેજો. (મારી સામું જોઇ કહે) કેમ?

કહેવાય છે કે ભગીરથ રાજાએ હજારો વર્ષોના તપથી શ્રી ગંગામાતાને જનહિતાર્થે પૃથ્વીપર પ્રકટાવ્યાં. તેમ પ્રભુશ્રીએ વર્ષોના વ્રત, તપ, પ્રાર્થનાથી મા ભગવતી જગદંબાને આ મૃત્યુલોકમાં અત્યારના ઘોર કલીકાળમાં પ્રકટાવ્યાં. એ પરમશક્તિના પ્રાકટ્યનો જીવો લાભ લઈ શકે એ માટે પ્રભુશ્રીએ અનુગ્રહ કરી પૂ. માના પ્રાકટ્ય પાછળના તપ, વ્રતનો જે ઈતિહાસ તેનો, અતિ અલ્પ, સંક્ષિપ્ત શબ્દોમાં અણસાર આપ્યો. ને પ. પૂ. મા ભગવતી સર્વેશ્વરીનો પરિચય આપ્યો કે તે આ માનો જેટલો લાભ લઈ શકાય તેટલો લઈ લેજો.

હે શ્રી સદ્‌ગુરુ ભગવંત પ્રભુ યોગેશ્વર, હે મા ભગવતી સર્વેશ્વરી, આપને કોટી કોટી પ્રણામ. આપ કૃપા આશિષ વર્ષા કરતાં રહો જેથી આપના મહિમાને અમે ના ભૂલીયે. ને આપના ચરણકમળમાં નિત્ય નૂતન ભાવે શ્રદ્ધાભક્તિ સભર સત્કર્મોરૂપી પુણ્યોની પૂજા અર્પણ કરતા રહીએ–પ્રેમનું નૈવેદ્ય ધરતા રહીએ. પ્રણામ.

○

બધા જ માણસો જેમની પાસે સંપત્તિ છે, તેઓ તેનો સદુપયોગ કરી શકે તેમ થોડું જ છે? એનાથી ઉલ્ટુ ઘણા મોટા ભાગનાઓને સંપત્તિ ને સુખ સાહેબીનો કેફ ચઢે છે ને તેઓ સંસારમાં ન કરવા જેવાં કામ કરી બેસે છે. પણ વાતાવરણ અતિશય અનુકૂળ હોય, તે વખતે પ્રભુની કૃપા અને સંતનો સહવાસ પામેલા કોઈક સંપત્તિવાન જીવો પોતાના જીવનના ધ્યેયને કદી ભૂલતા નથી. તેઓ પોતાનો સમય અને સંપત્તિ બંનેનો ઉપયોગ જનહિતની પ્રવૃત્તિ માટે કરતા રહે છે. આવા સંપત્તિવાન લોકો ખરે જ ભાગ્યશાળી છે ને તે સમાજના શણગારરૂપ પણ છે. પરંતુ એવા બનવું એ સહેલું નથી. તે માટે પ્રભુની કૃપા ને સંતના આશીર્વાદ જોઈએ.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,

શ્રી હેમીના પાઠક.

" નિરાંત "

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,

રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :

hpathakji@yahoo.Com

# સંસ્કાર ઘડતર યાત્રા–(૨)

(ગત અંકના પાના ૩૫ થી આગળ) **પ્રભુભાઇ હળવદિયા**

પ. પૂ. શ્રી મા–પ્રભુ સાથે ખુલ્લી જીપમાં (દીપકભાઇ, રાજીવભાઇ, પ્રભુદાસ અને મંજુલાબેન ભાવસારને) બેસી જંગલમાં વિહાર કરવાનો લ્હાવો મળ્યો. જંગલમાં જતાં જતાં પૂ. માએ સૌને પૂ. શ્રી ગુરુદેવ પ્રભુનું સ્મરણ કરાવતાં કહ્યું : "અમે ઝાંબિયામાં પૂ. શ્રી સાથે ખુલ્લી જીપમાં ૩ દિવસ જંગલમાં ફરેલાં."

વનરાજી પૂ. શ્રી માના દર્શન કરી સ્વાગત કરતી હોય તેમ લહેરાતી નજરે પડે છે. રસ્તે પૂ. શ્રી મા સતત માળા તો ફેરવતાં જ રહે છે. અને જાણે સૌને સતત સ્મરણ કરતા રહોની ટકોર કરીને તેનું દર્શન કરાવે છે.

**પ્રભુદાસ** : કેનેડાનાં જે બહેન મળ્યાં તેના આગલા જન્મનું શું નામ હતું?

**પૂ. મા** : જવાબમાં ફક્ત સ્મિત કરે છે.

રસ્તે ચાલતાં દીપકભાઇ સિંહના પંજાની છાપ (પ્રિન્ટ) જોઇ તેની વાત કરે છે. તુરત જ જવાબમાં પૂ. શ્રી મા પોતાના ચરણ ઊંચા કરી હસે છે. જાણે કે પૂ. શ્રી મા કહી રહ્યાં છે. આ ચરણોમાં જ ચિત્તને ચોંટાડો અને જુઓ. નાજુક આ ચરણોમાં અનેક સિંહ–વાઘને આળોટતા કરી દેવાની શક્તિ છે. શ્રી ચરણોમાં સઘળાં તીર્થો સમાયેલાં છે. શા માટે બીજે ફાંફાં મારો છો? સંસારરૂપી જંગલમાં ક્યાંય અટવાઇ જશો.

જીપ ચલાવનાર ડ્રાઇવર કમ ગાઇડ જંગલ અને પ્રાણી



વગેરેની માહિતી આપે છે. જંગલ ૫૨૮ ચો. કિ. મી. નાં વિસ્તારમાં પતરાયેલું છે. ૧૫૬૦ જાતનાં પક્ષીઓ આ જંગલમાં રહે છે.

ગાઇડે એક ખૂબ જ અગત્યની વાત કરી. તે પૂ. શ્રી માનો મહિમા કે મા વિષે કંઇ જ જાણતો ન હોવા છતાં કહે છે : "આજે આટલા સમયમાં પહેલી વખત આવા વ્યક્તિત્વનાં અમને દર્શન થયાં કે જે કુદરત જેવું જીવી રહ્યાં છે. અહીંના સૌ સ્ટાફને તેમની હાજરીમાત્રથી કુદરતી રીતે ખૂબ જ આનંદનો અનુભવ થાય છે. આમ પૂ. શ્રી માના પવિત્ર પરમાણુની અસર છેક જ અજાણી વ્યક્તિઓ અનુભવી રહી છે. તે તો ફક્ત પ. પૂ. શ્રી માની કરુણા–કૃપાના ફળસ્વરૂપે જ.

જંગલના રસ્તા ખરાબ હોવાને લીધે અરધેથી ગાડી પાછી વાળવા સાથે રહેલા બાળકો પૂ. શ્રી માને વિનંતી કરે છે.

**પૂ. મા** : વરઘોડામાં પ્રવેશ પામો એટલે મંડપ સુધી જવું પડે!

**રાજીવ** : વાઘ ન જોવા મળ્યો?

**પૂ. મા** : એપોઇન્ટમેન્ટ વગર ના મળે.

રસ્તે જંગલમાં જીપો ઊભી રાખી બાળકો સાથે પૂ. માના ફોટોગ્રાફ્સ પણ લેવાય છે. હે મા! સંસારરૂપી જંગલમાં હર-હંમેશને માટે અમારા મન–અંતર હૃદયપટ પર બિરાજમાન રહી સૂક્ષ્મ રીતે સાથે જ રહેજો.

જંગલ રસ્તે પૂ. શ્રી માની દૃષ્ટિ, એક ઝાડની ડાળીપર એક વાનર મસ્તીથી બેઠેલો હતો તેના પર પડી. તરત જ પૂ. માએ ઈશારાથી સૌને તે જોવા કહ્યું અને હેમલને વિડીયો ઉતારવા પણ

કહ્યું. પૂ. શ્રી મા ઈશારાથી વાનરની મસ્તી તરફ અંગુલિનિર્દેશ કરી બોધપાઠ આપતાં હશે કે, સંસારના જંગલમાં મા–પ્રભુનું સતત નામસ્મરણ કરતાં કરતાં આવી મસ્તીથી જીવો.

"ગાઇડ–ડ્રાઇવર તથા રેસ્ટહાઉસ ચોકીદારને પૂ. શ્રી માનાં સ્વરૂપો મેળવવાની ઇચ્છા થાય છે. પૂ. શ્રી માને જાણ કરું છું. પૂ. શ્રી મા ગાઇડને સ્વરૂપ પ્રસાદરૂપે આપે છે. અત્યારે પૂ. શ્રી મા ખુલ્લા ગ્રાઉન્ડમાં હાથમાં માળા લઇ નિત્યક્રમમાં પ્રવૃત્ત છે. સૌ બાળકો રસોડામાંથી જમતાં જમતાં પણ પૂ. શ્રી માના દર્શનનો લાભ લઇ શકે છે. બીજા બે ભાઇઓને પણ સ્વરૂપની પ્રસાદી મળે છે. ત્રણેના મુખપર એક અનેરો આનંદ છવાઇ જાય છે. અહીં સૌ બાળકો અને પૂ. શ્રી માનો ગ્રુપ ફોટો લેવાય છે. પૂ. શ્રી મા બાળકોની દરેક ઇચ્છાઓ પૂરી કરીને સૌને આનંદના મહાસાગરમાં ડૂબકીઓ મરાવે છે. બાળકોનો આનંદ–ઉત્સાહ એ જ પૂ. માની પ્રસન્નતા."

કોર્બેટ ફ્રોલથી નીકળી બસ તથા તાતા સુમો નૈનિતાલ જવા માટે આગળ વધી રહી છે. સાંજનાં ૫–૦૦ થતાં નૈનિતાલ–પહાડોની રાણી–નજીક આવી પહોંચ્યાં. આખા રસ્તે સતત ધૂનો બસમાં ચાલે છે. સાથોસાથ નાચકૂદની મસ્તી. પૂ. શ્રી માની ગાડી નજીક જ પાછળ ચાલતી હતી એટલે સૌ બાળકોનો ઉત્સાહ અને ધૂનની મસ્તી જોઇ શકતાં હતાં. સાંજે ૫–૩૦ વાગ્યે પૂ. શ્રી માની ગાડી કમ્પાઉન્ડમાં ઉતારાપર આવી પહોંચી. થોડા બાળકો દોડતાં દોડતાં પૂ. શ્રી માની ગાડી પાસે વિંટળાઇ વળ્યાં છે. ત્યારે પૂ. મા મીઠી ટકોર કરે છે. તમે જ્યારે બસમાં ધૂન ગાતા હતા ત્યારે અમારે બસમાં આવવું હતું, પણ કોઇ જોતું જ ન હતું. જેને બોલાવો તેની સામું તો જોવું જોઇએ ને!!! હું બસમાં આવવા



માટે ઈશારો કરતી હતી. પરંતુ કોઇ સામું જ ના જુએ. બાળકોની ભૂલ માટે સૌ બાળકો વતી દમયંતીબેને પૂ. શ્રી માની માફી માગી. સૌ બાળકો પૂ. શ્રી માની વાત સાંભળે છે. પૂ. શ્રી મા મીઠી ટકોરદ્વારા સભાનતા કેળવવાની સમજ આપે છે.

પૂ. શ્રી મા પ્રભુ બાળકોના પ્રેમને વશ થઇ બસમાં આવવા તૈયાર થયાં. બસમાં પ્રેમપૂર્વક થતાં સંકીર્તનનો પડઘો પૂ. શ્રી માના દિલમાં પડે છે. પૂ. મા તો ભાવજગતમાં બાળકોના આંદોલનોને ઝીલે છે. પરંતુ બાળકો પાસે તો પૂ. શ્રી માનાં વળતાં આંદોલનો ઝીલવાની કે ઓળખવાની શક્તિ ક્યાંથી હોય? પૂ. શ્રી માની કૃપા જ કામ કરે છે.

ટકોર કરી સભાનતાના પાઠ સીખવી અને સૌને એલચીનો પ્રસાદ આપી પ્રસન્ન કર્યાં. સૌ પૂ. શ્રી માનો સામાન લઇ ઊતારા (રૂમ નંબર ૧૨૦, ફ્રસ્ટ ફ્લોર) પર જાય છે.

ઊતારાના રૂમમાં પહોંચતાં જ સૌ બાળકોની બાથરૂમ વગેરેની શું શું સગવડતા છે? ગરમ પાણી આવે છે કે નહીં વગેરે પૂછે છે. સૌ માટે પૂ. શ્રી મા સતત ચિંતિત છે. જે બાળકો પ્રત્યેના પ્રેમની પારાશીશી છે. પ્રેમની મૂર્તિ એ માતાને શત શત પ્રણામ.

તા. ૮–૫–૨૦૦૦ રાત્રે ૯–૧૫ વાગ્યે સત્સંગ બેઠક પૂ. શ્રી માના રૂમમાં જ થાય છે. પૂ. મા સ્લેટ પર લખે છે :

દર વરસે એક ટૂર આવી કાઢવી જોઇએ.

બાળકો મા–બાપના તાપથી બચ્યાં.

કાલે કેટલા વાગ્યે ઊઠવું પડે? શું શું જોવાનું છે? (નૈનિતાલમાં)

કોણ બીજી વાર અહીં આવેલ છે?

તો ચોક(ચાર જણ)માં ગાઇડની શું જરૂર છે?

તો તમે બધા પોઇન્ટપર ફરો અને મા અરવિંદ આશ્રમ અને નિમકરોલી આશ્રમ શોધે.

**પૂ. મા :** બધા પોઇન્ટ પર બસ જાય છે?

**બાળકો :** નજીક છે, બધા.

**પૂ. મા :** દોડી દોડીને રાત્રે તપેલાં સાફ?

કાલે ૮ વાગ્યે નીચે સૌ ભેગા થાય.

દીપક રાત્રે ગાઇડ કરી લે એટલે અહીંથી ચાલતાં જ જવું.

રોપ—વેમાં સંભાળજો.

આપણું તો બાળભજન મંડળ છે!

થાક નથી લાગતો?

રાત્રે કોઇ ટ્રેક છે?

**પૂ. મા :** કોને બોલવું છે?

જાગૃત જાની (સુરત) ઊભો થાય છે અને કોમેડી શત્રુઘ્ન-સિંહા તેમ જ કેસ્ટ્રોમુખરજીના અવાજની નકલ કરે છે.

**પૂ. મા :** બસમાં સર્વ પ્રકારનું મનોરંજન ચાલે છે?

**બાળકો :** ના, મા.

**દક્ષેશ :** સાધકોને પણ તાંત્રિકોની અસર થાય?

**પૂ. મા :** સાધકોને થાય, સિદ્ધોને ના થાય.

**બાળક :** લોકેટ (ગળામાં પહેરવાનું) કે સ્વરૂપ રક્ષા કરે ખરાં?



**પૂ. મા :** રક્ષા કરે. જો ભાવ અને શ્રદ્ધા હોય તો.

અમારા અકસ્માત વખતે રસ્તા પર ખુલ્લા પગે ચલાયું, તો કોણે રક્ષા કરી?

એટલે જેવો જેનો ભાવ, તેવું તે કામ કરે.

ભગવાનનું નામ જ દશે દિશાને પવિત્ર કરે.

સમર્થ ગુરુ હોય તો રક્ષા તો થાય જ.

સિદ્ધિઓનાં રમકડાં રમવાં જેવાં નથી.

હિપ્નોટિઝમ માટે સંકલ્પશક્તિ કામ કરે છે.

આજનો સત્સંગ વિવિધ વાનગીવાળો હતો.

અકસ્માતવાળા બંને પગો છતાં કેવું સરસ કામ આપે છે. એકમાં ફ્રેક્ચર, બીજામાં ત્રણ ક્રેક.

કોઇ પણ અંગને પંપાળવું નહીં.

આજ્ઞા જ કરવી 'ચાલો.' એટલે દરેક અંગ ચાલવા માંડે. પંપાળો તો બેસી પડે.

ઓપરેશનના એ ભાગ પર લોહી જામી જાય છે. છતાં ચાલે, દોડે, કૂદકા મારે.

કોણે કોણે આજની નોંધ કરી?

**સૂચનાઓ :**

(૧) નાના બાળકોની નબળાઇની ચર્ચા જાહેરમાં ના કરવી. આપણા ઘરનાં બાળકોની પણ જાહેરમાં ચર્ચા ન કરવી. એ તો સાફ છે કે કોઇ વધુ થાક્યું હોય અને તેની જાહેરમાં કથા નહીં કરવી.

(૨) બાળકોને તેની રીતે ખીલવા દો.

(૩) આપણાં પોતાનાં બાળકોને પણ સન્માનથી સાંભળો અને જુઓ.

(૪) ઘણી વખત આપણને આપણાં જ બાળકો નથી ગમતાં અને પારકાં બાળકો ગમે. તોપણ બાળકોમાં લઘુતાગ્રંથિ આવે.

(૫) ૧૯૬૨ માં અમે, ઈન્ટર કૉલેજમાં, ચાઈલ્ડ ડેવલપમેન્ટનો કોર્સ કર્યો છે. એક તોતડા બાળકને એક વર્ષ નિરિક્ષણ કરી તેનો રીપોર્ટ આપવાનો. તેને રોજ ૩ થી ૪ કલાક બાલમંદિરમાં જોવાનો.

**પૂ. મા :** આ વાત કરવા જ સૌને બોલાવ્યા છે.

સામા ના થયા અને સાંભળ્યું માટે ફરી પ્રસાદ.

**એક બાળક :** ખાલી કરવાનો છે?

**પૂ. મા :** આ લીમડા જેવો નથી.

પૂ. શ્રી મા મોટા બાળકોના જીવન ઘડતરની વાતો અને તે દ્વારા જ નાના બાળકોનું સંસ્કાર ઘડતર કરવાની વાતો પોતાના દૃષ્ટાંતથી સૌને સમજાવી ઘરમાં બાળકો પ્રત્યે કેવું વલણ રાખવું જોઈએ કે જેથી બાળક તેની રીતે જ ખીલી ઊઠે. આમ પૂ. શ્રી મા પોતાની આગવી રીતથી સૌના સંસ્કાર ઘડતર કરી રહ્યાં છે.



# શ્રી કૃષ્ણપ્રેમના આશ્રમ વિષે

રાજીવ હ. જાની, મુંબઈ

આપણને એવું થશે કે કૃષ્ણપ્રેમનો આશ્રમ એટલે એવો કોઈ આશ્રમ હશે જ્યાં ભગવાન શ્રી કૃષ્ણના પ્રેમની વાતો સાથે સંકળાયેલો હશે. પરંતુ એવું નથી. 'કૃષ્ણપ્રેમ' એતો એક મહાપુરુષનું નામ છે અને એમણે બનાવેલા આશ્રમની આ વાત છે. 'કૃષ્ણપ્રેમ' એ એમનાં પૂર્વજીવનમાં એક પરદેશી વ્યક્તિ હતી પરદેશની ભૂમિમાં જન્મીને ત્યાં ભણતર અને કેળવણી પામવા છતાં હૃદયમાં ઈશ્વર પ્રત્યેના પ્રેમ અને અનુરાગને લીધે તેઓ ભારત આવ્યા. ઈશ્વરની લીલા પણ ગજબ છે. તે ક્યાં? કેવી રીતે કોના હૃદયમાં પોતાનું સ્થાન જમાવશે? તે તો તે જ જાણી શકે. પરંતુ આપણે આ પરથી એવી પ્રેરણા તો જરૂર લઈ શકીએ કે જો કોઈ પાશ્ચાત્ય સંસ્કારો વચ્ચે ઉછરીને પણ ઈશ્વર પ્રત્યેના પ્રેમને લીધે મહાપુરુષ બની શકે તો આપણે તો ભારતમાં જન્મેલા અને પૂ. શ્રી તથા પૂ. માની છત્રછાયામાં કેળવણી પામેલાં એટલે તેમના પ્રમાણમાં આપણો માર્ગ ધાર્યા કરતાં ઘણો સરળ છે. છતાં આપણે કેવા બનવું છે? તે તો ફક્ત આપણાં હાથની જ વાત છે.

હવે આશ્રમ વિષેની વાત કરીએ તો અલ્મોડાથી જગેશ્વર જતાં લગભગ ૧૭ થી ૧૮ કિ. મી.ના અંતરે પાનવેનઉહ્યા નામનું સ્થળ આવે છે. જ્યાં એક બે પ્રાચીન મંદિરો આવેલાં છે. તેનાથી ૧ કિ. મી. આગળ પર્વત ઉપર જવાનો કાચો રસ્તો આવે છે. એ રસ્તા ઉપર દોઢેક કિ. મી.ની ચઢાઈ પછી નાનકડું સરસ મજાનું

મેદાન જેવું આવે છે. તેની ફરતે પથ્થરની નાની પાળી બનાવેલી છે. તેની બરોબર સામે પશુનો તબેલો નજરે પડે છે. તેમાં ગાય ભેંસ બાંધેલાં હોવાથી સહજ રીતે એ તબેલો હોવાની પ્રતીતિ થાય છે. એ તબેલાની અંદરથી એક નાનકડી પગદંડી અંદર તરફ જાય છે. એ પગદંડી પર આગળ વધતાં ફળોથી લદાયેલાં વૃક્ષો નજરે પડે છે. ત્યાંથી થોડેક આગલ જતાં એક મકાન દેખાય છે. અનેક જાતના રંગબેરંગી ફૂલોથી ઘેરાયેલું મકાન જાણે કે કોઇ સરસ ઉપવનમાં આવી પહોંચ્યાં હોઇએ! અનેક જાતની દિવ્યતા અને સુંદરતા અનુભવવા મળી. એ મકાનની બરોબર સામે શ્રી કૃષ્ણ-પ્રેમનાં ગુરુમાતા શ્રી યશોદામાઇની સમાધિનું સ્થાન બનાવવામાં આવ્યું હતું. આધુનિક ઢબે બનાવેલું નાનકડી ઝૂંપડી આકારનું અને તેની ફરતે વેલો અને તેની ઉપર સરસ મજાનાં પુષ્પો સુંદરતામાં વધારો કરી રહ્યાં હતાં. ગુલાબના ફૂલોની પણ વેલ હોય તેવું તો અહીં જોયા પછી જ જાણ્યું. સમાધિની પાછળ બીજું એક મકાન હતું. જેનો આગળનો ભાગ ફક્ત કાચના દરવાજા અને બારીથી ઢંકાયેલો હતો અને અંદર બીજા અનેક જાતનાં પુષ્પોના ક્યારાઓ નજરે પડતા હતા. આખો પર્વત લીલાછમ વૃક્ષોથી છવાયેલો હતો. તેની વચ્ચે આ સ્થાન ખૂબ જ રમણીય લાગતું હતું. જાણે પ્રથમ નજરે જ પ્રેમ થઇ જાય તેવું આ સ્થાન હતું. ત્યાંની સ્વચ્છતા એતો સૌંદર્યનો પાયો છે. કોઇ પણ અસ્વચ્છ સ્થાન કે વસ્તુ સુંદર હોઇ જ કેવી રીતે શકે? પર્વત ઉપર બીજી કોઇ વસ્તીનો અભાવ હોવાથી સહજ રીતે શાંતિનો અનુભવ પણ થઇ રહ્યો હતો.

ઠાકોરજીના દર્શન કરતી વખતે મને એમ થયું કે, પ્રસિદ્ધ તીર્થધામોમાં લોકો અનેક રૂપિયા ખર્ચી થોડીક ક્ષણોના દર્શનથી



ખોટો સંતોષ વ્યક્ત કરતાં હોય છે. એના કરતાં આવા સ્થાનોમાં ઈશ્વરનો વાસ નથી, એવું કોણ કહી શકશે? પરંતુ એથી મારો હેતુ તીર્થસ્થાનોના મહિમા કે મહત્ત્વને ઓછું આંકવાનો નથી. એની પવિત્રતા અને અલૌકિકતા એના સ્થાને યથાવત્ જ છે. પરંતુ વધારે પડતી પ્રસિદ્ધિના કારણે થતી ભીડને લીધે અસ્વચ્છતા અને ગેરવ્યવસ્થા ઊભી થાય છે. પંડાઓ અને પૂજારીઓનું લાલચી માનસ, સમજદાર વ્યક્તિઓને તેના તરફ દુર્લક્ષ સેવવામાં મદદરૂપ બને છે. તેની સરખામણીમાં આવા સ્થાનો કે જે કુદરતી સૌંદર્યથી ભરપૂર તથા ત્યાંના શાંત વાતાવરણને લીધે મન સહજ રીતે જ ઉર્ધ્વદિશા તરફ ગતિ કરે છે. તેનું મહત્ત્વ પણ ઓછું આંકવાની જરૂર નથી. ટૂંકમાં ત્યાંના વાતાવરણ ને સૌંદર્યએ મારા મન ઉપર સરસ છાપ પાડી દીધી.

ઠાકોરજીનાં દર્શન કરી ફરી અમે બધાં સમાધિ સ્થાન પાસે આવ્યા. પૂ. માએ ઈશારાથી તે સન્નારીને બોલાવવાનો સંકેત કર્યો. થોડીવાર પછી તે સન્નારી અમારી સમક્ષ હાજર થયાં. જીજ્ઞાસુ-ઓએ તેમને થોડા પ્રશ્નો પૂછ્યા. 'તમને આ સ્થાનમાં કોઇ અનુ-ભવ થયા.' પ્રશ્નના ઉત્તરમાં તેમણે ખૂબ જ નમ્રતાપૂર્વક જણાવ્યું કે, "દરેક સાધકને સાધના દરિમ્યાન કાંઇક ને કાંઇક નાનામોટા અનુભવો થતા જ રહે છે. પરંતુ તે બધા ફક્ત પોતાના લાભ માટે જ હોય છે. તેને જાહેર કરવાયોગ્ય નથી." તેમના આ ઉત્તર પાછળ તે પોતાની પ્રશસ્તિથી દૂર રહેવા ઇચ્છતાં હોય તેવું લાગ્યું. 'બહારની વ્યક્તિને અહીં રહેવાની સગવડ મળી શકે?' એવા બીજા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું, "અહીં આરામ કરવા માટે કે શાંતિ માટે જ રહેવાનું નથી હોતું. અહીંના નિયમો-નું કડક પાલન કરવું પડે છે. અહીં શિસ્તને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. હાલ અહીંના સંચાલક અથવા ગુરુ શ્રી

દેવઆશિષ છે. તે ખૂબ જ કડક સ્વભાવના છે. તમારી નાની નાની ભૂલોના પરિણામે કડક ઠપકાઓ પણ મળે. ઘણીવાર તો વગર વાંકે ઠપકાનો ભોગ બનવું પડે. થોડા જ વખતમાં તમારી સહનશક્તિનો ગજ મપાઇ જાય. આ સાંભળી અને પૂ. માના પ્રેમની કિંમત સમજાઇ. પૂ. મા આપણી કેટલી અક્ષમ્ય ભૂલોને સહજતાથી માફ કરી દે છે. પૂ. મા તો પ્રેમ અને ક્ષમાનો દરિયો સમાવીને બેઠાં છે. પૂ. માની નજીક રહેનારાઓને ક્યારેક ક્યારેક પૂ. માના મીઠા ઠપકાનો પ્રસાદ પણ મળે છે. પરંતુ હું તો એવું માનું છું કે પૂ. મા જેને પોતાનો ગણે તેને જ તો ઠપકો પણ આપે. જે લોકો મહાભાગ્ય લઇને આવ્યા છે. તેમને જ તો આ પ્રસાદનો લાભ મળે છે.

આ સ્થાનની દેખરેખ અંગે પ્રશ્ન પૂછતાં તેમણે જણાવ્યું કે, "આ સ્થાનની દરેકે દરેક વસ્તુ શ્રી ઠાકોરજીની માલિકીની છે. અને બધી જ દેખરેખ પણ તે જ રાખે છે. અમે તો ફક્ત નિમિત્તમાત્ર જ છીએ એટલું જ નહીં, પરંતુ આ સ્થાનનું રજીસ્ટ્રેશન પણ ઠાકોરજીના નામે જ છે. આ ઉત્તર પાછળ પણ તેમની અંદર રહેલી નમ્રતાનો સૂર સાંભળવા મળ્યો.

સમાધિ સ્થાનની બહારની બાજુ શ્રી કૃષ્ણપ્રેમ અને તેમના શિષ્ય શ્રી માધવઆશિષની તખ્તી લગાડેલી છે. જેમનું શરીર શાંત થયાને બે વર્ષ જ થયાં હોય છે. અને હાલ તેમના શિષ્ય શ્રી દેવઆશિષ આનું સંચાલન કરી રહ્યા છે.

શ્રી કૃષ્ણપ્રેમના જીવન કે તેમની સાધના વિષે હું કાંઇ જાણતો નથી. પરંતુ આ સ્થાન જોયા પછી એમને જાણવાની ઇચ્છા જરૂર થઇ. એટલે જ્યારે પણ મોકો મળશે એટલે તેમના જીવન વિષેનું પુસ્તક હું અચૂક વાંચીસ.



એ પછી એમના વિશેની થોડી ઔપચારિક વાતો પછી અમે પૂ. મા અને તે સન્નારી સાથે બગીચામાં એક બે સમૂહ ફોટા લીધા, અથાગ પરિશ્રમને અંતે જ્યારે આ સ્થાનમાં આવ્યા ત્યારે એમ લાગતું હતું કે પૂ. મા શા માટે આટલો પરિશ્રમ કરાવતાં હશે? કોઇ દેવી દેવતાનું નાનું મંદિર હશે. પરંતુ આ સ્થાન જોયા પછી સૌંદર્યની વ્યાખ્યા પણ ઝાંખી લાગે એવું લાગ્યું. છેવટે આ સ્થાનને વિદાય આપવાનો સમય આવી ગયો હોવાથી પૂ. માની આજ્ઞા પ્રમાણે ધૂન અને બાવની સાથે અમે એ સ્થાનથી વિદાય લીધી.

### આર્મીનું મ્યૂઝીયમ અને વિધવા બહેનોને મદદ

અમારી પૂ. મા સાથેની આ યાત્રા ખૂબ જ વિવિધતા સભર રહી. જંગલમાં રાતવાસો કરી જંગલની મજા માણી, હિલ-સ્ટેશનોએ ઊંચાઇનો આનંદ પણ લીધો. ઈશ્વરની ઝાંખી કરાવતા મંદિરો તેમ જ તીર્થોના દર્શન પણ કર્યાં. તો વળી દેસપ્રેમને જાગૃત કરાવે તેવા આર્મીના મ્યૂઝીયમની મુલાકાત પણ લીધી. ખરેખર તો તમે તમારા દેશને કેટલો પ્રેમ કરો છો એ ચકાસવા માટે પણ આવા સ્થળોની મુલાકાત ઉપયોગી નીવડે છે. આમ તો આપણા હૃદયમાં દેશપ્રત્યે પ્રેમ હોવા છતાં આપણે રોજિંદા જીવનમાં આપણા આર્થિક તેમ જ સાંસારિક પ્રશ્નોમાં એટલા બધા અટવાયેલા રહીએ છીએ કે એ વિષે વિચારવાનો સમય ભાગ્યે જ મળે છે. હું મારી વાત કરું તો નાનપણથી જ અમે ભણતા હતા ત્યારે દરેક પુસ્તકની શરૂઆતમાં એક પ્રતિજ્ઞા આવતી.

"ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારા ભાઇબહેન છે. હું મારા દેશને ચાહુ છું..."

એ હું વારંવાર વાંચતો. બીજું કે હું જે શાળામાં ભણતો ત્યાં ૧૫ ઓગસ્ટ અથવા ૨૬ જાન્યુઆરીના આગલા દિવસે 'શહીદ' કે 'પૂરબ પશ્ચિમ' જેવા દેશભક્તિના પિક્ચર દેખાડવામાં આવતાં હતાં. એના લીધે નાનપણથી જ દેશસેવાની ભાવના હૃદયમાં પ્રગટ થતી. તેના પરિણામે યુવાન વયે મિલિટરીમાં દાખલ થઇ દેશની સેવા કરવાની ઇચ્છા થતી. પરંતુ મારી અભિલાષા મારા વિચારો સુધી જ સીમિત હતી. તેના આચરણ કે નિર્ણય લેવા માટે મારી ઉંમર ઘણી નાની હતી. પછી તો સામાજિક અને આર્થિક વિટંબણાઓમાં ગૂંચવાઇ ગયા અને એ વિચારો તથા એ ભાવનાના દિવસો માત્ર સ્મૃતિ બની રહી ગયા. જ્યારે આ મ્યૂઝીયમ જોયું ત્યારે સહજ રીતે જ એ દિવસો સ્મૃતિ પટ પર તાજા થયા. અને દરેક શહીદોના ફોટાઓ જોઇને તેમને મનોમન પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

અલ્મોડાથી અમે નીકળ્યા ત્યારે ગાઇડે અમને રાનીખેત વિષે માહિતી આપી હતી કે રાનીખેતમાં લશ્કરની છાવણી (Military Academy) છે. અને એના લીધે તે ખૂબ જ સ્વચ્છ અને સુંદર છે. જ્યારે અમે રાનીખેત પહોંચવાની તૈયારીમાં હતા ત્યાં જ મેં બારીમાંથી મિલિટરીના જવાનોને રસ્તાની સફાઇકામ કરતા જોયા. રાનીખેત પણ જેવું ધાર્યું હતું તેવું જ સ્વચ્છ હતું. જાણે આપણને સમાજપ્રત્યેની આપણી ફરજ અને જવાબદારીનું ભાન ન કરાવતું હોય! પૂ. મા પણ બાળકોને પ્રસાદ આપતી વખતે ખાસ ટકોર કરે કે ચોકલેટ અગર બિસ્કિટના રેપર આમતેમ ફેંકવાના નથી. એ રીતે પૂ. મા બાળકોને નાનપણથી જ શિસ્ત અને સ્વચ્છતાના પાઠ શીખવે છે.

અમે જ્યારે રાનીખેત પહોંચ્યા ત્યારે સીધા જ મ્યૂઝીયમ જોવા ગયા. એક મોટા ગેઇટ આગળ અમારી બસ ઊભી રહી. તે



ગેઇટ ઉપર લખ્યું હતું. Bicentenary Gate અમે ગેઇટની અંદર પ્રવેશીએ છીએ. સ્થાન કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. પરંતુ ત્યાંની સ્વચ્છતા આગળ એ સૌંદર્ય પણ ફીક્કું લાગતું હતું. સરસ મજાના પુષ્પોના બગીચામાં નાનાં નાનાં છોડવાઓ હોય છે. દરેક Fencing Wallને પણ સરસ રંગથી રંગેલી હોય છે. બધુ ખૂબ જ વ્યવસ્થિત હોય છે. અમે મ્યૂઝીયમ પાસે પહોંચીએ છીએ. મ્યૂઝીયમમાં જતાં પહેલાં દરેકે પોતાના બૂટ અને ચંપલ રસ્તાની સામેની બાજુ પર લાઇનસર ઊતારીને પ્રવેશ મેળવવાનો હોય છે. એક પછી એક દરેકે લાઇનમાં જ અંદર જવાનું હોય છે. પૂ. મા પણ અમારી સાથે લાઇનમાં જ ઊભાં રહ્યાં. ત્યાંના સંચાલકે અમને શિસ્ત માટેની થોડી સલાહ આપી કે કોઇએ નોટબૂક કે પેન પણ લઇ જવાની નથી. જે પણ કાંઇ લખવું હોય તે તમારા મગજમાં જ લખી લો. મ્યૂઝીયમની કોઇ પણ વસ્તુને અડકવાની મનાઇ છે. અમારી પાસે સમયનો અભાવ હોવાથી પૂ. મા ખૂબ જ ઝડપથી જોઇ લેવા સૂચન કરે છે. કારણ કે ૧૨ વાગ્યે મ્યૂઝીયમ બંધ થવાનો સમય હોય છે. અને પોણા બાર થઇ ગયા હોવાથી, ત્યાંના સંચાલકે આપણને સમય થતાં બહાર નીકળવા વિનંતી ના કરવી પડે અને તે શિસ્ત પણ ના કહેવાય તેથી પૂ. મા ફરી જોવા આવવાનું કહી ઉતાવળથી જોવાનું કહે છે.

આપણા ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીએ વર્ષોસુધી દેશના હિત માટેની પ્રાર્થના કરી, દેશભક્તિનાં ગીતો પણ રચ્યાં અને દેશની આઝાદી માટે પરોક્ષ રીતે એમણે ઘણો મોટો ફાળો આપ્યો છે. "પ્રકાશના પંથે"ના વાંચનદ્વારા અને એમણે રચેલાં દેશભક્તિનાં પદોદ્વારા એમને દેશપ્રત્યે કેટલો પ્રેમ હતો તે જાણવા મળે છે. એ જ રીતે પૂ. મા પણ દેશના હિત માટેના સત્કાર્યની કોઇ પણ તક જતી કરતાં નથી. અમારી યાત્રા દરમ્યાન રસ્તામાં અનેક મંદિરો

આવતાં, પરંતુ પૂ. મા દરેક સ્થળે ઉતરતાં ન હતાં અને અમને અમારી યાત્રા દરમ્યાન રસ્તામાં અનેક મંદિરો આવતાં પરંતુ પૂ. મા દરેક સ્થળે ઉતરતાં ન હતાં અને અમને દર્શન કરી આવવા જણાવતાં પરંતુ મ્યૂઝીયમની મુલાકાત લેવા માટે પૂ. મા ચઢાણ ચઢીને અમારી સાથે જ તડકામાં લાઇનમાં ઊભાં રહ્યાં. એ રીતે પૂ. માને મન, મંદિરમાં રહેતા તીર્થદેવતાઓ કરતાં પણ દેશને માટે પોતાનો પ્રાણ અર્પણ કરનારા દેશભક્ત સૈનિકોનું મહત્ત્વ વધારે છે.

હું નાનો હતો ત્યારે હિન્દીમાં એક કવિતા ભણેલો. એ કવિતા તો મને અત્યારે ખાસ યાદ નથી પરંતુ એનો ભાવાર્થ મને બરોબર યાદ છે.

એક ગુલાબનું ફૂલ પોતાના ભાવો રજૂ કરતાં જણાવે છે. જો કે કવિ જ ફૂલદ્વારા પોતાના હૃદયને ઠાલવે છે. ફૂલ કહે છે, "વેણીની સુંદરતા વધારવા તેની વચ્ચે મને લગાડવામાં આવે તે મને પસંદ નથી, કોઇ મોટી વ્યક્તિના કોટમાં તેની શોભા વધારવામાં પણ મને રસ નથી કે કોઇ પ્રેમીઓ પોતાના ભાવોની અભિવ્યક્તિ મારાદ્વારા કરે એવું પણ હું ઇચ્છતો નથી. અરે! ઈશ્વરના મસ્તક ઉપર ચઢવાનું પણ મને મંજૂર નથી. પરંતુ જો કોઇ દેશભક્ત સૈનિકના પગ નીચે કચડાઇ મરવાનું સૌભાગ્ય મળે તો હું મારી જાતને ધન્ય ગણીશ.'

કવિએ આ કવિતાદ્વારા એક દેશભક્ત સૈનિકના મહત્ત્વ ઉપર પ્રકાશ પાડયો છે. અને પૂ. માએ કુમાઉ રેજિમેન્ટના મ્યૂઝીયમની મુલાકાત લઇ એને વધુ ગૌરવશાળી બનાવ્યો છે.

મ્યૂઝીયમમાં જૂના જમાનાની બંદૂકો, મશીનગન, સ્વબચાવ માટેના બખ્તરો, તલવારો જેવા હથિયારો રાખેલાં હતાં તે દરેકની સાથે તેને ક્યાં વાપરવામાં આવ્યાં હતાં અથવા કોની પાસેથી અને



ક્યારે, યુદ્ધ દરિમ્યાન જપ્ત કરવામાં આવ્યાં હતાં. તેની નોંધ પણ લખેલી હતી. તે ઉપરાંત ટ્રાન્ઝિસ્ટર ટેલિફોન અને બીજા ઇલેક્ટ્રોનિક ઉપકરણો પણ હતાં, મિલિટરીમાં બનેલા અનેક ઐતિહાસિક પ્રસંગોની તસ્વીરો હતી. શહીદ થયેલા દરેક સૈનિકોની તસ્વીરો પણ હતી. અને તેમના પોષાકો પણ હતા. તેઓ કેવા પ્રકારની ક્રોકરી વાપરતા હતા તે ક્રોકરી પણ રાખી હતી. પાકિસ્તાનના યુદ્ધ દરમ્યાન તેમની પાસેથી તેમના દેશનો ધ્વજ પણ જપ્ત કરેલો તે પણ ત્યાં રાખેલો હતો. મ્યૂઝીયમ નાનું છતાં ખૂબ જ સુંદર હતું. દરેક વસ્તુની જાળવણી ખૂબ જ સરસ રીતે કરી હોય એવું લાગ્યું. ફક્ત ૧૫ મિનિટમાં આ બધુ જોઇને અમે બહાર આવ્યા. બહાર આવીને જોયું તો ખૂબ જ નાના જવાનો (એટલે કે ૨૦ થી ૨૨ વર્ષના) પરેડ કરતાં કરતાં રસ્તા પરથી આવતા હતા. એમને જોઇને એમ થયું કે હું પણ એમની સાથે જોડાઇ જાઉં. પરંતુ એ સક્ય ન હતું. આ પરેડ જોઇને અમારી સાથેના બાળકોને પણ જુસ્સો આવી ગયો અને બસમાં બેસતાંની સાથે ધૂન બોલવાને બદલે દેશભક્તિના ગીતો ગાવા લાગ્યા. જેવા કે–

૧. યહાં ડાલ ડાલ પર સોનેકી ચિડિયા કરતી હૈ બસેરા, યે ભારત દેશ હૈ મેરા....

૨. આઓ બચ્ચો તુમ્હે દિખાયે ઝાંકી હિંદુસ્તાન કી....

૩. મેરે દેશકી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી....

૪. એ મેરે પ્યારે વતન, એ મેરે બિછડે ચમન, તુજપે દિલ કુરબાન....

૫. ભારત હમકો જાનસે પ્યારા હૈ....

૬. યે મેરે વતન કે લોગો જરા આંખ મે ભરલો પાની....

બસની અંદર વાતાવરણ એકદમ રોમાંચિત થઈ ગયું. હું તો દરેક ગીતના સબ્દો સાંભળીને ગદ્‌ગદ્‌ થઈ જતો.

પહેલાના વખતમાં સ્ત્રીઓ અને માતાઓ પણ બહાદૂર હતી. માતાઓ પોતાના પુત્રને સામેથી તલવાર આપીને યુદ્ધ માટે વિદાય આપતી અને આશીર્વાદ આપતી કે, "કાં તો ફતેહ મેળવીને આવજે અથવા પ્રાણની કુરબાની આપીને આવજે." જ્યારે અત્યારે પોતાનો ૧૫-૧૬ વર્ષનો પુત્ર અમદાવાદ કે વડોદરાથી અંબાજી એકલો આવતો હોય તો પહોંચીને ફોન કરી દેજે. એવું સૂચન કરે અથવા તો એ શું જમે છે? કેટલા વાગે સૂએ છે? એવા પ્રશ્નો કરી પોતાનો ખોટો મોહ પ્રદર્શિત કરે છે. તેમની વધુ પડતી કાળજી જ તેમના બાળકની કાર્યક્ષમતા અથવા તેમના વિકાસ રૂંધવામાં કારણભૂત બને છે. અને તેના લીધે બાળક નમાલો અને ડરપોક બને છે. પૂ. શ્રી ફક્ત ૯ વર્ષના હતા ત્યારે વડોદરાથી મુંબઈ એકલા મોકલવામાં આવેલા અને સ્ટેશન પર પણ કોઈ લેવા ન આવેલ. પૂ. શ્રીને નાનપણથી જ નિડરતા વારસામાં મળી હતી. કારણ કે માતાજી પણ ખૂબ હિંમતવાળાં હતાં. મિલિટરીના નાના જવાનોને પરેડ કરતા જોઈને મનોમન તેમની માતાને ધન્યવાદ આપ્યા.

એ દિવસે સાંજે અમે ફરીથી કારગીલના શહીદોની વિધવા બહેનોને મળવાના હેતુથી જઈએ છીએ પરંતુ તેઓનો સમય થઈ જવથી તેઓની સાથે વાતચીત કરવાનો અવસર મળતો નથી. પરંતુ તેઓ જ્યાં મશીન પર કામ કરે છે તે સ્થાન જોયું. દરેક મશીન પર પોતાનું નામ લખેલું હોય છે. અને તેઓ જે પણ કાપડ તૈયાર કરે તેનું વેચાણકેન્દ્ર પણ તેની બાજુમાં હોય છે. જેથી પૂ. મા દરેકને સૂચના આપે છે. કે દરેક વ્યક્તિ કાંઈને કાંઈ



ખરીદે જેથી વિધવા બહેનોને એ રીતે મદદ મળે. પરંતુ જ્યારે અમે સ્ટોરમાં જઈએ છીએ તો સસ્તામાં સસ્તી ૩૦૦/- રૂ.ની શાલ કે શર્ટનું કપડું હતું. તેથી દરેકની મુખપરની રેખાઓ બદલાઈ ગઈ. તેથી પૂ. મા કોમન ફંડમાંથી ત્રણચાર સાલ લેવાનું સૂચન કરે છે. પરંતુ મેં તો મારા માટે એક શર્ટનું કાપડ લીધું. હું લેતો હતો ત્યારે મને બે-ચાર જણાએ કહ્યું કે, "તારે મુંબઈમાં આ વુલનનું કાપડ કાંઈ કામ નહિ આવે. છતાં એક સ્મૃતિરૂપે મેં ખરીદ્યું." પછી બીજી એક વ્યક્તિએ પણ એક શાલ ખરીદીને મને કહ્યું, "આપણે બે-ત્રણ જણાએ જ ખરીદી કરી એટલે પૂ. મા એ આપણી પાસેથી જોવા માંગશે અને પૂ. માનો સ્પર્શ થઈ જશે એટલે આપણા માટે તો એ પ્રસાદ બની જશે. માટે મેં પણ ખરીદ્યું." એમણે ખરીદવા માટેનું કારણ આપ્યું એ સાંભળી મને ખૂબ નવાઈ લાગી. પૂ. માએ તો આપણને પણ ઘણીવાર સ્પર્શ કર્યો છે તો શું આપણે પ્રસાદ જેવું પવિત્ર જીવન જીવીએ છીએ? સાચું પૂછો તો આ પ્રસાદ કરતાં પણ વધુ કિંમતી છે. જે પોતાના સ્વજનોને છોડી પોતાના પ્રાણની પણ પરવા કર્યા વગર સરહદ પર જંગમાં દેશની રક્ષા માટે શહીદ બને છે અને જ્યારે તેની વિધવા પોતાના જીવનસાથી ગુમાવી નિઃસહાય બને છે અને ગુજરાન ચલાવવા માટે આ કાપડ વણવાનું કામ કરે છે. એ કાપડનું મૂલ્ય ન હોય શું? મારા માટે તો એટલું જ પૂરતું હતું કે એ કારગીલના શહીદની વિધવા બહેને બનાવેલું છે.

જીવનમાં જ્યારે પણ દેશની સવા માટેની તક આવે તો આ મન જરા પણ આનાકાની કર્યા વગર એ તક ઝડપી લે અને જીવનમાં એવો અવસર પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.

# મા અને બાળકો

(ઓગસ્ટ–૨૦૦૦ ના પૃષ્ઠ ૫૪ નું અનુસંધાન) દમયંતીબેન એસ. ભક્ત

પછી કોર્બેટ ફ્રોલ જઈએ છીએ વખતો વખત બિસ્કીટ ચોક-લેટ વિગેરેનો પ્રસાદ મળ્યા જ કરે છે. પૂ. શ્રી મા ગાડી જ્યાંસુધી જાય છે ત્યાંસુધી જાય છે. બાળકો સહિત અમે ચાલતા પહોંચીએ છીએ. બાળકો તો ઊતરીને સીધા ધોધ નીચે. પૂ. શ્રી મા ઉપર બેઠાં હતાં. બાળકોએ ચાલુ કર્યું. "૧ વાર બોલું કે ૨ વાર બોલું, કે ૩ વાર બોલુ મારી મા. મા તમે ગરબે રમવા આવજો." ૐ નમો ભગવતે યોગેશ્વરાય. માનું હૈયું કેમે રહે નહિ. બાળકો બોલાવે અને મા વળી ઉપર બેસે? ઈશારાથી કહ્યું. મારે આવવું છે. બાળકોએ તરત જ પથ્થર ગોઠવી રસ્તો બનાવી દીધો. પૂ. શ્રી મા પણ નીચે ઉતરી ધોધ પાસે પહોંચી ગયાં. નાના બાળકો તો ભીનાં હતાં. સંકીર્તન કરતાં ક્યારના આનંદ કરતા હતાં. પૂ. શ્રી માએ તો બંને હાથે છાલકો મારી સૌને પ્રેમસાગરમાં ન્હાવડાવી દીધાં–સૌ ધોધના પાણીથી પણ ભીના થયાં અને માના પ્રેમથી લથબથ થયાં–એવા જ સૌ આનંદ કરી પૂ. શ્રી મા ઉપર આવ્યાં અને જેને બિસ્કીટ નો'તાં આપ્યાં તેને યાદ કરીને બિસ્કીટનો પ્રસાદ પૂ. શ્રી મા આપે છે.

પૂ. શ્રી માની ગાડી નૈનીતાલમાં આવેલી કુમાઉમંડળના રેસ્ટહાઉસના પ્રાંગણમાં આવીને ઊભી. બાળકો તેમનો સામાન લેવા જઈ રહ્યાં હતાં. પરંતુ હું ઈશારાથી તેમને પ્રથમ પૂ. શ્રી માનો સામાન મૂકવા કહું છું. સૌ દોડતાં પૂ. શ્રી માની ગાડીને ઘેરી વળ્યાં. પૂ. શ્રી મા હસતાં બાળકોના ભાવોને સ્વીકારી લખી રહ્યાં. "તમે બધા જેને બોલાવો છો તેની સામે તો જોતા જ નથી મારે તો બસમાં આવવું હતું." સૌ બાળકોને પૂ. શ્રી માએ



આનંદથી ભરી દીધાં. બાળકો પણ સોરી કહી પૂ. શ્રી માને મનાવી લે છે. અને આનંદથી પૂ. શ્રી માનો સામાન લઈને યથાસ્થાને મૂકી દે છે. આમ થોડીક પણ ત્રૂટી જ્યાં બાળકોની પૂ. શ્રી માને જણાય ત્યાં ત્યાં પૂ. શ્રી મા ટકોર કરી બાળકોનું ધ્યાન અચૂક દોરી લે છે.

આજે રાતના સત્સંગમાં એક ભાઈ એક બાળકની એબને જાહેરમાં ખુલ્લી કરી, જે પૂ. શ્રી માને ના ગમ્યું. જેથી નાના બાળકોને વિદાય કરી સૌ મોટા ભાઈઓને પૂ. શ્રી મા કહે છેઃ–નાના બાળકોની એબને જાહેરમાં ખુલ્લી કરવાથી તેને ખૂબ ઠેસ પહોંચે છે. જરા વધુ કહેતા તે બાળક રડી પડત. કોઈને પણ જરા સરખી ઠેસ પહોંચે તે મા શી રીતે સહન કરે? પૂ. શ્રી મા કહે "બાળકોને ઠેસ ના પહોંચાડો. બાળકોને સન્માન આપો. બાળકોના માનસને સમજો." કેવો ઉચ્ચ ધસમસતો એ પ્રેમનો પ્રવાહ હશે–જે પૂ. શ્રી મા સહન ના કરી શક્યાં. અને આ ટકોર કરી જ લીધી.

આજે સવારે હું પૂ. શ્રી માની રૂમમાં ગઈ તો પૂ. શ્રી મા મને કહે તમારે માટે કયો ઘોડો? ચેતક–મને તો મશ્કરી જ લાગી. આ ઉંમરે વળી શું ઘોડેસવારી–પરંતુ સાચે જ પરિસ્થિતિ એવી ઊભી થઈ કે મારે પણ ઘોડા ઉપર બેસવું જ પડે. અને હું બેસીને બધાં જ પોઈન્ટો જોઈ આવી. પૂ. મા તો હું ગઈ ત્યારે એવાં હસે ને? જો કે મને પણ આનંદ હતો. આનંદ લેવામાં ઉંમરનો બાધ નડતો નથી. માત્ર પૂ. શ્રી માના બાળક જ બનવું પડે. ને તે યાદ રાખવું પડે.

આજે રાતના સત્સંગમાં સૌને પૂછ્યું. ડાયરી લેખન કોણે કર્યું? તો માત્ર થોડા જ હતા ડાયરી લખનાર પૂ. શ્રી માએ તો સૌને ખૂબ જ કડકભાષામાં ઠપકાર્યા–સૌ ગંભીર બની પોત-

પોતાના રૂમમાં ગયા અને લગભગ સૌ બાળકોએ ૧ વાગ્યાસુધી જાગી ડાયરી લેખન કર્યું. હું સવારે ઊઠી પૂ. શ્રી મા પાસે જાઉં છું તો પૂ. શ્રી મા મને સૌની રૂમોમાં મોકલે છે એ જાણવા માટે કે કોણે ડાયરી નથી લખી. પૂ. શ્રી માએ જ્યારે જાણ્યું કે સૌએ ડાયરી લખી છે. તો પૂ. શ્રી મા ખૂબ જ પ્રસન્ન થયાં. બાળકોને ભરપૂર આનંદ લૂંટાવનારાં આટઆટલા લાડ કરાવીને જ્યારે સખત બનવું પડે ત્યારે સહેજ પણ કચાશ નથી છોડતાં–બાળકોનું જરા સરખું અહિત થતાં જુએ એ ના સહન થાય. બાળકોને ઉપર ઊઠતા જુએ અને પ્રસન્ન પ્રસન્ન થઇ જાય.

બાળકોએ કંઇક સારું કામ કર્યું હોય તો તેને ખૂબ જ પ્રોત્સાહિત કરે છે. પૂ. શ્રી મા રાતના સત્સંગમાં તેજસે તેની ડાયરીનું એક પાનું વાચ્યું. દર્શને પણ વાંચી. તેજસે ખરેખર ખૂબ સુંદર લખ્યું હતું. દર્શને સવારથી સાંજસુધીની બધી જ વિગતો લખી હતી. જેથી પૂ. શ્રી મા કહે "આજના તાજા સમાચાર પૂરા." અને ગર્વથી કહ્યું. "મોટાઓનાં ગુરુ બને એવા પાણીદાર બાળકો છે." કેવું પ્રોત્સાહન! મોટી મોટી ટ્રોફીઓ કરતાં પણ કેવું પાણી ચઢે તેવું વાક્ય!

બીજે દિવસે સવારે બાળકો કસાર દેવીના મંદિરે ટ્રેકિંગ માટે જવાના હોઇ પૂ. શ્રી મા રાતથી જ પ્રસાદ આપવાની ચિંતા કરે છે. મને કહ્યું 'બાળકો સવારે વહેલા નીકળે તો તેમને પ્રસાદ આટલો આટલો આપજો.' મને તો ખબર જ હતી. બાળકો જવાના હોય અને પૂ. શ્રી મા બારણું ન ખોલે એ બને જ કેમ? બાળકો કરતાં પહેલા પૂ. શ્રી મા જ તો તૈયાર હતાં. અહીં લીચીનું શરબત, ફળ, બિસ્કીટનો પ્રસાદ નાના બાળકોને અપાય છે. પરંતુ પૂ. શ્રી મા સૂચના આપે છે. 'શરબત સૌએ કસાર દેવીના દર્શન કરી,



પછી પીવું'–અમને પણ થોડી નવાઇ લાગી, પરંતુ પૂ. શ્રી મા તો સર્વજ્ઞ છે. ઉપર પાણીની વ્યવસ્થા જ નથી જેથી બાળકો તરસે ન મરે. આ યાત્રામાં બે બે દિવસનાં નિર્જળાપણ પૂ. શ્રી માને થાય છે. માત્ર ૧ કિ.મી. ના ટ્રેકીંગમાં બાળકોની કેવી ચિંતા! કેવો પ્રેમ!

રાની કેતથી અમે કસૌની સાગર હોટલમાં પહોંચીએ છીએ સૌ પોતપોતાના સામાન મૂકી હોટલના આગલા ભાગમાં મોટી ખુલ્લી થોડી જગ્યા છે. બાળકોને તો એટલું પૂરતું થઇ જાય. મંડી પડયા રમવા. પૂ. શ્રી માની રૂમમાંથી બધું જ ચોખ્ખું દેખાતું હતું–આહા! મા તો પ્રસન્ન મને લખી આપ્યું–કેવા નિર્દોષ આનંદ લૂંટી રહ્યા છે આ બાળકો! ન કોઇની નિંદા કે ન કોઇ પ્રત્યે રાગદ્વેષ–સૌ એક થઇ રમે, સૌ એક થઇ એનો આનંદ લૂંટે–જે મા ઇચ્છતાં હતાં. નિર્દોષ આનંદને પ્રણામ. કાપડનો બોલ રમતા જોઇ પૂ. શ્રી માએ તરત જ વોલીબોલ–બેટ અને ટેનિસબોલ ખરીદાવ્યા હતા.

કસૌનીમાં આજે ખીચડી બનાવવાનો નિર્ણય લેવામાં આવે છે. હું મદદમાં હોઉં છું. પૂ. શ્રી મા શ્રમિત છે છતાં દાદરો ઉતરીને અમે સૌ જ્યાં ખીચડી બનાવતા હતા ત્યાં આવી ખીચડી ને મહાપ્રસાદ બનાવી ગયાં. કૃપાળુ માને પ્રણામ. ખીચડી બનતાં સૌ આનંદથી જમે છે એવું જાણ્યું ત્યારે તો પૂ. શ્રી મા અત્યંત પ્રસન્નતા પ્રકટ કરે છે. તે દિવસે વાદળછાયું વાતાવરણ હતું. પૂ. શ્રી માને અકસ્માતમાં ગવાયેલા ભાગો દર્દ કરતા હતા.

આજે અનાસક્તિ આશ્રમ જોવા જવાનો નિર્ણય લેવાયો. હોટલથી ચાલતાં માત્ર ૧૦ જ મિનિટનો રસ્તો છે. અમે સૌ જઇએ છીએ. ત્યાં પહોંચતા વીજળી કપાઇ ગઇ. કેમેરાની બેટરીથી અમે અંદર જોઇ લીધું. ત્યાં તો ફરતેથી વાદળો બેગાં

થઇ ગયાં અને મેઘરાજા એની બધી જ સવારી સાથે માના દર્શનવંદને પધાર્યાં. એ તો માઝ્ર મૂકીને વરસી રહ્યા હતા પૂ. શ્રી મા તો નીકળી પડયાં મેઘરાજાનાં સ્વાગતને સ્વીકારતા ગાડીમાં. બાળકો પણ પૂ. શ્રી માની પાછળ—ગાડી સુધી પહોંચતા લગભગ પલળી જ ગયા હતા. પૂ. શ્રી માએ ઇશારો કર્યો ધૂન સંકીર્તન માટે. બાળકો પણ પૂરજોશથી વરસતા વરસાદમાં ધૂન ગાવા. કદીક પૂ. શ્રી માની ગાડી ફરતે ફરે તો કદીક સૌ આગળ આવી નૃત્ય કરે. તો વળી ગાંધીજીના આશ્રમથી નીકળ્યા તો દેશભક્તિનાં ગીતો હોય તો એક જ લાઇનમાં રહી પરેડ કરતા ધૂમ મચાવે. આગળ બાળકો, પાછળ માની ગાડી. ઉપરથી મેઘરાજા પૂર્ણ કૃપા વરસાવી રહ્યા હતા. ૧૦ મિનિટનો રસ્તો પસાર કરતાં લગભગ પોણો કલાક થયો. હરિસ્મરણે સૌને મસ્તી ચઢાવી હતી. પૂ. શ્રી માએ સૌ મસ્ત બની નાચ્યા. દેશભક્તિનાં ગીતો પણ ખૂબ ગાયાં. બાળકો ભરપૂર આધ્યાત્મિક નિર્દોષ આનંદ લૂંટી રહ્યા હતા. પૂ. શ્રી મા એ જોઇ જોઇ ખૂબ જ હરખાતાં હતાં. સાગર હોટલ સુધી અમારી આ નૃત્ય સંકીર્તન યાત્રા પહોંચી. શું આનંદ હતો? મેઘ-રાજા હજી કૃપા વરસાવી જ રહ્યા હતા. પૂ. શ્રી મા સૌને કપડાં બદલી કોર્ટમાં હાજર થવા કહે છે. સૌના મુખપર ગજબનો આનંદ ચમકી રહ્યો હતો. પૂ. શ્રી માએ તો સૂકો મેવો, સંતરુ અને ૧૦૦ રૂા. શૂરવીર ભક્તનો ખિતાબ સૌને આપ્યો. અને ફરીથી રસ્તે જે જે ધૂનો તેમ જ દેશભક્તિનાં ગીતો ગાયાં હતાં તે ગરડાવ્યાં. સાગર હોટલને આજે ગજવી મૂકી. ખૂબ જ ઉત્સાહથી અંતરમાંથી નીકળતા આ અવાજમાં પૂ. શ્રી માનો ભરેલો છલોછલ પ્રેમ જ હતો.

કસૌનીથી રૂદ્રપ્રયાગ પહોંચવાનું છે, રસ્તાઓ કાચા અને તૂટેલા હોય છે. પૂ. શ્રી મા હેન્ડલ પકડીને કડક થઇ બેઠાં હતાં.



મને થતું હતું પૂ. શ્રી મા આજે ઉતારા પર જઇ ઢગલો વળી સૂઇ જશે. પરંતુ અહીં તો આશ્ચર્ય સીમા ઓળંગી ચૂક્યું છે. ઘડી બે ઘડી આડા પડયાં ત્યાં તો બાળકોની કિલકારી સંભળાઇ. પૂ. શ્રી મા તો ઊઠયાં. અને પહોંચ્યાં જોવા બાળકોને ઉતારો સારો છે? બાળકો તો કેરમ અને ચેશ રમતા હતા. તે જોઇ તો પૂ. શ્રી મા હરખઘેલાં થોડું રમવા પણ લાગ્યાં. જ્યાં પ્રેમનો નિર્દોષ સ્વીકાર હોય ત્યાં સર્વકાંઇ ભૂલી પૂ. શ્રી મા વરસે છે એ મેં જોયું.

આજે મોટા બાળકો નાના બાળકોની ક્રિકેટ મેચ રખાવી અને નાના બાળકોને પ્રોત્સાહન આપ્યું તમે જ જીતશો. અને પરિણામ એ જ આવ્યું. પૂ. શ્રી માએ જાણ્યું કે નાની ટીમ જીતી છે તો પ્રસન્ન થયાં. પ્રણામ બાળકોને પ્રોત્સાહન આપી જીતાડનારને. આજે આવતાંવેંત બાળકો મોટો બોલ રમવા માંડેલા, તો ગાડી નીચે આવી જતાં ફાટી ગયો. તો રાતના સત્સંગમાં પૂ. શ્રી મા પૂછે છે આજે કોનો સ્વર્ગવાસ થયો? થોડું મૂંઝાયા બાદ એક બાળક કહે છે "બોલનો" પૂ. શ્રી મા કહે પૂ. શ્રી પ્રભુનું એક પદ છે 'જે પ્રિયને પરિત્યાગે તે પરમપ્રિયને પ્રાપ્ત કરે' સર્વ પ્રકારનું શિક્ષણ અહીં અપાઇ રહ્યું છે.

રૂદ્રપ્રયાગથી દેવપ્રયાગ સુધી આજે કોઇ કંઇ લેતું નથી. એટલે દેવપ્રયાગથી નીકળતાં પૂ. શ્રી મા બાળકોની ચિંતા કરે છે. પૂ. શ્રી માને તો નિર્જળા વ્રત જ છે. આગળ બસ જતી હતી. કોલ્ડ્રીંક્સ પાવા માટે પૂ. શ્રી માએ બારીમાંથી હાથ બહાર કાઢી બસને રોકી અને કહ્યું. જ્યાં પણ કોલ્ડીંક્સ આવે ત્યાં સૌ બાળકોને પાજો. જ્યારે પૂ. શ્રી માને ખબર પડી કે દૂધ અને બ્રેડ બસમાં હતાં જે બાળકોએ લીધાં છે ત્યારે જ માને શાતા વળી. પ્રણામ એ વાત્સલ્યમય કરુણાને. □

# યાત્રાના આરંભે-(૨)

(ઓગસ્ટ-૨૦૦૦ અંકના પૃષ્ઠ ૪૩ નું અનુસંધાન) રાજુભાઇ જાની

યાત્રા દરમ્યાન પૂ. શ્રી માદ્વારા અભિવ્યક્ત માતૃત્વભાવોનું વર્ણન શબ્દોદ્વારા ન બાંધીએ એ જ ગરિમા પૂર્ણ બની રહે. પૂ. શ્રી માના પૂર્ણ માતૃત્વભાવનું દર્શન અનેક ઘટનાઓ દરમ્યાન સૌને થતું રહ્યું. પોતાના માતાપિતાએ પણ ક્યારેય પૂર્ણ ન કરી હોત તેવી બાળકોની અપેક્ષાઓ, માગણીઓ પ્રતિ તેમની લાગણી-ને ધ્યાનમાં રાખીને પૂ. શ્રી મા સંતોષતા રહ્યાં. અને તે પરિપૂર્ણ કરવામાં પોતાની શારીરિક ક્ષમતા કે બાહ્યવાતાવરણની અસર, મુસાફરીનો શ્રમ કે અન્ય નિયમો માટેનો સમય કશું જ બાધ્ય ન બન્યું. જાણે યાત્રાના આરંભથી જ પૂ. શ્રી માએ સંકલ્પ કર્યો હોય કે જગતની કોઇ જ બાબતો આ યાત્રા દરમ્યાન તેમની અને બાળકોની વચ્ચે ન આવવી જોઇએ. હરક્ષણે તેઓ બાળકોને આનંદિત કરવા શું કરી શકે તે જ વિચારતાં રહ્યાં.

કોરબેટ નેશનલ પાર્કમાં સવારે બાળકો હાથીની સવારી કરી પરત આવ્યા કે તુરત જ પોતાના નિત્યકર્મમાંથી પરવારી પૂ. શ્રી મા બાળકો સાથે જંગલની સફરે નીકળી પડયાં. આ વિચરણ દરમ્યાન હરણાંઓ અને બીજા પ્રાણીઓને બાવની સંભળાવી સત્સંગ કરાવવાની વાત બાળકોને તેમણે કરી. એવો એહસાસ તેમણે બાળકોને કરાવ્યો કે જીવ માત્રને માટે પ્રભુશરણ અને પ્રભુસ્મરણ જરૂરી છે. કદાચ પ્રભુના ગુણોના ગાનના શ્રવણ-માત્રથી પણ એ જીવોનો ઉદ્ધાર નિર્મિત બન્યો હોય. તેથી જ કદાચ શ્રી શ્રી મા તેઓ સુધી બાળકોના માધ્યમદ્વારા પોતાના પ્રકટ



સ્વરૂપનું દર્શન દેવા સામેથી પહોંચ્યાં હોય. તેઓની અકળ લીલાને આપણે થોડા જ સમજી શકવાના હતા! પણ પૂ. શ્રી મા એ બાળકોની સાથે અસહ્ય ગરમી હોવા છતાં વિચરણ કરી તેમના હૃદયને સ્પર્શી ગયાં.

કસૌનીમાં બૈજનાથ જતાં ગરુડ ખાતે અચાનક પૂ. શ્રી માએ ગાડી ઊભી રાખી. બાળકોને રમવાના બે સુંદર બોલ ખરીદવા પૂ. શ્રી માએ સૂચના આપી. બૈજનાથમાં બાળકો રમી શકશે તેવી પૂ. શ્રી માની ભાવના હતી, પરંતુ સ્થળ આસપાસ બહુ સ્વચ્છતા ન હોવાની બોલ લઇ હોટલ પર જ આગળના કમ્પાઉન્ડમાં રમવા પૂ. શ્રી માએ સૂચન કર્યું. પ્રવાસ દરમિયાન બાળકો રમત પણ રમી શકે તેવી પૂ. માની ભાવના હતી.

અલ્મોડામાં હોટલ શિખરની વિશાળ અગાસીમાં બાળકો રાત્રે મોડે સુધી રમતા રહ્યાં. પૂ. શ્રી મા પોતાના રૂમની ગેલેરીમાં ઊભાં રહી રમતાં બાળકોને નીરખી રહ્યાં અને તેમના આનંદ ઉત્સાહને ત્યાં ઊભા રહી વધારતા રહ્યાં.

કસૌનીમાં બપોરે જાતે ખીચડી બનાવી જમવાનું સૌ બાળકોએ નક્કી કર્યું. પૂ. શ્રી મા સ્વયં ખીચડી બનાવવાના સ્થળે પધાર્યાં. પોતાની પવિત્ર દૃષ્ટિથી અન્નની શુદ્ધિ કરી દીધી જેથી કોઇ પણ બાળકોને આ ખોરાકની કોઇ પણ અશુદ્ધિઓ નડે નહીં. આ ઘટનાથી પ્રેરાઇને બાળકોએ પણ સાંજે 'મેગી' બનાવવાનો કાર્યક્રમ ગોઠવ્યો. પૂ. શ્રી માની આજ્ઞા માંગતા તે સહજતાથી મળી ગઇ. લગભગ ૮-૦૦ વાગે તેની શરૂઆત બાળકોએ કરી. સંપૂર્ણ બનાવટમાં બાળકો સિવાય કોઇની જ મદદ ન લેવી તેવો તેમનો દૃઢ સંકલ્પ પણ હતો.

થોડીવારમાં જ પૂ. શ્રી મા જે સ્થળે બાળકો 'મેગી' બનાવતા હતા ત્યાં આવી ઊભાં રહ્યાં. સામાન્ય રીતે ખાદ્ય પદાર્થોની વાસ માત્રથી પૂ. શ્રી માને અકળામણ થતી. ઘણા ભાઇ–બહેનોએ જોઇ છે. પરંતુ આજે 'મેગી' બનાવવાની શરૂઆતથી તે સંપૂર્ણપણે તૈયાર થઇ બાળકો જમવા બેસે ત્યાંસુધી લગભગ ૨૫ મિનિટ પૂ. શ્રી મા તેની સામે જ માત્ર પાંચ ફૂટના અંતરે જ ઊભાં રહ્યાં. અને આ પ્રક્રિયા દરમ્યાન કામગીરીની સાથે થતાં સ્તુતિઓ, પ્રાર્થનાઓ અને મંત્રગાનને સ્વીકારતા રહ્યાં. આ ઘટનાએ બાળકોમાં એક દૃઢ આત્મવિશ્વાસ પ્રસ્થાપિત કરી દીધો. પૂ. શ્રી માનો બાળકો માટેનો ભાવ એવો પ્રબળ હતો કે શરીરથી પર બનીને બાળકોના આનંદમાં તે સહભાગી બનતાં રહ્યાં.

રાણીખેતથી કસૌનીની યાત્રા દરમ્યાન સ્વર્ગની કૂંચી નામના પુસ્તકમાં કેટલાક પ્રસંગો શ્રી અજયભાઇએ વાંચ્યા. જે ખૂબ સમજવા જેવા હતા. વાંચન પૂરું થતાં અજયભાઇએ પોતાને વાંચનદ્વારા પ્રાર્થનાની જે તક મળી તે પ્રત્યે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે આવતીકાલે સૌ સહયાત્રીઓને હું કંઇક ખવડાવું. પૂ. શ્રી માએ થોડા સમય પહેલાં જ તેઓએ વાંચેલ વિચારો તરફ ધ્યાન દોરતાં જણાવ્યું કે માત્ર આટલી ક્ષણોમાં જ વિસરાઇ ગયું કે, 'હું ખવડાવું તેવો ભાવ આવી ગયો." પ્રભુકૃપાને પરિણામે જે કંઇ મારું છે તેમાં હું ભાવ આવે તો અહંકાર વધે છે અને સાધકનું પતન થાય છે.

અલ્મોડા પાસે જાગેશ્વર અને દંડેશ્વરના શિવમંદિરોની પણ પૂ. શ્રી માએ મુલાકાત લઇ દેવોના આદરપૂર્ણ રીતે દર્શન કર્યાં. પૂ. શ્રી મા જાગેશ્વરમાં સહુ સાધકોની સાથે નીચે બેસી શિવમહિમ્ન-ના પાઠ કરવામાં જોડાયાં. તો દંડેશ્વરનું મંદિર જે કેદારનાથની



પ્રતિકૃતિ સમુ મનાય છે ત્યાં રાજુભાઇને સૌ સાધકો વતી 'માનસપૂજા' કરવાનું સૂચન કરી સહજ રીતે જ નીચે બેસી ગયા. યાત્રા દરમ્યાન ક્યાંય પોતે મોટા સંત હોવાની મહત્તા દેખાડવાનો પૂ. શ્રી માએ પ્રયત્ન અજાણપણે જ ન થવા દીધો. રોજ રાત્રે સત્સંગની બેઠકમાં પૂ. શ્રી મા બાળકોને એક યા બીજી રીતે પ્રોત્સાહિત કરતાં પરંતુ અલ્મોડામાં શીખર હોટલના મુકામ દરમ્યાન સત્સંગની બેઠક મુલત્વી રાખી પૂ. શ્રી માએ સૌ બાળકોના રૂમમાં જઇ સત્સંગ કરાવવાનું નક્કી કર્યું. શિવ જીવ પાસે સત્સંગ કરાવવા જાય તેનાથી મોટું અહોભાગ્ય કયું હોઇ શકે? આ યાત્રાના બાળકો માટે અહીં તેનો ઉલ્લેખ પરમશક્તિ હોવા છતાં પૂ. શ્રી માનો દરેક બાળકો સાથેનો વ્યવહાર એટલો સહજ બની રહ્યો તેના પરિણામે જ બાળકો પણ શ્રી માના દર્શન થતાં જ ભાવવિભોર બની દોડી જતા. કૃષ્ણની પાછળ ઘેલી બનેલી ગોપીઓ જેવાં જ દર્શન પૂ. શ્રી માની આસપાસ વિંટળાઇ રહેતા સૌ બાળકોમાં આ સમગ્ર યાત્રા દરમ્યાન થતાં રહ્યાં.

જાગેશ્વર જતાં રસ્તામાં જ આવતા પ્રાચીન ડાના ગોલુ દેવતાના સ્થાને થોડાક સમય રોકાયા. અહીં આવતા ભક્તોની એવી પ્રબળ શ્રદ્ધા છે કે ગોલુ દેવતાને ઘંટડી ચડાવવાથી તેમની પ્રાર્થના/ઇચ્છા પૂર્તિ થાય છે. પૂ. શ્રી માએ દરેક બાળકોને એક એક ઘંટડી લેવા કહ્યું અને સ્વર્ગારોહણના સ્મૃતિમંદિર માટે કેટલીક ઘંટડીઓ પણ ખરીદી. ઘંટડી તમને સદાય જાગ્રત રાખે છે. તેથી જ કદાચ પૂ. શ્રી માએ સૌને તે લેવા સૂચન કર્યું.

સ્વામી કૃષ્ણપ્રેમનો આશ્રમ મીરટેલામાં હોવાથી પૂ. શ્રી મા સુમોમાં અને બાળકો સૌ ચાલતા ડુંગર ઉપર ચઢવા માંડયા. રસ્તો અજાણ્યો હોવાથી સૌ બાળકો જુદા જુદા સ્થાને પહોંચ્યા.

સૌને એકત્રિત કરી પૂ. શ્રી મા યશોદા માઇના મંદિર અને કૃષ્ણપ્રેમના આશ્રમે લઇ ગયા. સ્થાન ખૂબ ગાઢ જંગલની વચ્ચે એકાંત સ્થળે આવેલું છે. ત્યાં સેવા કરતા એક બહેને સ્વામીજીની જગ્યા અને તેના વિચારોની સુંદર વાતો કરી. મંદિરની સ્વચ્છતા આસપાસનું સૌંદર્ય અને બહેનનો પ્રભુ કે જેને તે ઠાકોરજી સ્વરૂપે પૂજે છે તેના પ્રત્યેનો સમર્પણભાવ સૌને સ્પર્શી ગયા. સેવિકા-બેનની આધ્યાત્મિક સમજ પણ પ્રેરણાદાયક લાગી. ત્યાં સૌ બાળકોએ પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં નાનકડો સત્સંગ કર્યો. પૂ. શ્રી માએ પરમકૃપા કરી એ સેવિકાને દર્શન તો આપ્યું પણ તેને થોડી જ ખબર હતી કે જેની તે ઉપાસના આરાધના કરે છે તે પૂર્ણ સ્વરૂપ તેની સમક્ષ જ પ્રત્યક્ષ થયું છે.

કસારદેવીનું સ્થાન કે જેની પાસે રહી શ્રી વિવેકાનંદે તપશ્ચર્યા કરેલી અને રામકૃષ્ણ કુટિર પણ સૌ બાળકોએ જોઇ. સ્વામી તૂરિયાનંદનો પૂજારૂમ અને નિવાસરૂમ ખૂબ જીવંત સ્થાનો લાગ્યાં.

કસૌનીને ભારતના સ્વીટ્ઝરલેંડ તરીકે પૂ. શ્રી ગાંધીજીએ ઓળખાવેલું તેઓ સમગ્ર ભારતના પ્રવાસ પર હતા ત્યારે બે દિવસ આરામ માટે કસૌની આવેલા. પરંતુ કુદરતી સૌંદર્યના પ્રભાવે તે સોળ દિવસ રોકાયા, જે દરમ્યાન અનાસક્તિ યોગ પર એક પુસ્તક તેમણે લખેલું. તે જે સ્થાને રોકાયેલા ત્યાં આજે તો તેમના સ્મૃતિહોલ ઉપરાંત આશ્રમ પણ છે જે અનાસક્તિ આશ્રમ તરીકે ઓળખાય છે.

કસૌની ખાસ તો સૂર્યોદયના દર્શન માટેના શ્રેષ્ઠ સ્થળો પૈકીનું એક છે.

સૌ બાળકો સાથે પૂ. શ્રી મા પણ હોટલ સાગરની અગાસી-



પર સૂર્યવંદના માટે પહોંચી ગયાં. પ્રભાતના શીતળ પવનની લહેરખીઓ આંતઃમનને એવી સરસ રીતે પ્રસન્ન કરી દેતી હતી કે એ સ્થાનામાં ઊભા ઊભા સૌ કોઇએ વાતાવરણની ભવ્યતાને માણી. લગભગ ૫–૩૦ કલાકે સવારે સૂર્યદેવતાએ પોતાનું પ્રથમ કિરણ હિમ આચ્છાદિત શિખરો પર પ્રસરાવી પોતાના આગમન-ની આલબેલ પોકારી. બાળકોએ પણ દમયંતીબહેન દ્વારા થતાં મંત્રગાન ૐ સૂર્યરૂપાય યોગેશ્વરાય નમઃમાં સૂર પુરાવી વાતા-વરણને દિવ્ય બનાવી દીધું. પ્રકાશના જ સ્વરૂપ સમા પૂ. શ્રી મા પણ પ્રકાશદેવ સૂર્યનારાયણની વંદના કરવામાં જોડાયાં. કોને ખબર તે ઘટનાથી સૂર્યભગવાન પણ પૂજ્ય શ્રી મા અને તેના બાળકો દ્વારા થતી વંદનાથી પ્રસન્નોચિત્ત થઇ ગયા હશે જ. પૂ. શ્રી માએ પ્રકૃતિના આ દેવને પણ સહજભાવે જ આદરયુક્ત રીતે વંદન કર્યાં. અહીં સૂર્યોદયની આ ઘટના દરમ્યાન રંગો બદલતા આકાશના દૃશ્યોને માણવાની અને ખીણપ્રદેશો પર થઇ વહી આવતા ઠંડા પવનદેવની લહેરોનો આસ્વાદ લેવાનું સૌભાગ્ય સૌને પ્રાપ્ત થયું. આ મનોરમ્ય પ્રભાતનું દૃશ્ય દરેક બાળકની દૃષ્ટિમાં કંડારાઇ જ ગયું હશે. દૂર દેખાતા હિમાલયના શિખરોએ પણ પોતાની ઉપર છવાયેલા વાદળોને પલભર હટાવી પૂ. શ્રી માનું દર્શન કરી લીધું જ હશે. કારણ આવો સુયોગ તેમને પણ ક્યારે પ્રાપ્ત બનશે તે કહેવું મુશ્કેલ છે.

અલ્મોડામાં માતા આનંદમયીના આશ્રમની કૈંચીના બાબા નીમકરોલી આશ્રમની અને રાણીખેતમાં ઝૂલાદેવીના મંદિરે પણ પૂ. શ્રી મા પધાર્યાં. આનંદમયી માતાના સ્થાનની પરિસ્થિતિ જોઇ તેમણે થોડુંક દુઃખ પણ વ્યક્ત કર્યું તો નિમકરૌલી બાબાના આશ્રમની સ્વચ્છતા અને સુઘડતા તેમ જ આયોજનને જોઇને

પૂજ્ય શ્રી માએ પ્રસન્નતા વ્યક્ત કરી ઝૂલાદેવી પાસે જ આવેલા ચોવટિયા ઉદ્યાન પર સૌ બાળકો સાથે પૂ. શ્રી મા પધાર્યાં થોડુંક નીચે ઉતરવાનું હતું તે પછી એક બાજુએ સફરજનના બગીચા અને બીજી બાજુ ગાઢ જંગલ હતું. બાળકોની ભાવનાને સ્વીકારી પૂ. શ્રી મા જંગલના વિસ્તારમાં થોડે સુધી આવ્યાં.

યાત્રા દરમ્યાન પૂ. શ્રી માનો પ્રસાદ બિસ્કિટ, ચોકલેટ કે કોઇ ફળરૂપે બાળકોપર વરસતો જ રહ્યો. દરેક સ્થાનથી બીજા સ્થાને જતાં પહેલાં પૂ. શ્રી મા બાળકોને તેમની પાસે બોલાવી પ્રસાદ વહેંચતાં. પૂ. શ્રી માના દરેક પ્રસાદનું અલગ અલગ મહત્ત્વ હતું. 'કારબેટ ફોલ' પાસે પૂ. મા જઇ ઊભા રહ્યાં. પાછળ દોડતા બાળકો જેમ જેમ પૂ. શ્રી મા પાસે પહોંચતા ગયાં તેમ તેમ પૂ. શ્રી મા પ્રસાદ આપતા ગયાં. થોડાક વિલંબથી આવેલ બાળકોને સ્થળની યાત્રા સમાપ્ત થયાં પછી જ પ્રસાદ આપ્યો. પૂ. શ્રી માને બાળકો જેટલા ઝડપથી તેમની પાસે આવી પહોંચે તેનો વિશેષ આનંદ હોય છે અને એટલે જ પહેલાં આવી પહોંચેલા બાળકોને તુરત જ પ્રસાદ મળ્યો. પૂ. શ્રી મા પાસે પહોંચવામાં જેણે વિલંબ કર્યો તેને પ્રસાદ માટે પણ પ્રતીક્ષા કરવી પડી. પૂ. શ્રી મા બાળકોને વિશિષ્ટ પ્રસાદ આપ્યા જ કરતાં તે જ રીતે સૌ બાળકો-ની સાથે બસના ડ્રાયવર/ક્લીનરને તે એકપણ પ્રસંગે ભૂલ્યાં નથી.

રસ્તે ચાલતા રાહદારીઓ/યાત્રિકો પૈકી કેટલાય બાળકો/-સાધુઓ કે વ્યક્તિઓને ગાડી ઊભી રાખી પૂ. શ્રી મા પ્રસાદ આપતાં. કદાચ તેઓની વર્ષોની પ્રસાદ મેળવવા માટેની તપશ્ચર્યા આ યાત્રાદ્વારા પૂર્ણ થઇ હશે. કૃષ્ણપ્રેમના આશ્રમે જતાં મળેલા બાળકો કે રૂદ્રપ્રયાગથી પ્રસ્થાન કરતાં જ ગાડી પાસે મળેલા બાળકો કે બૈજનાથના મંદિર પાસે ઊભેલાં બાળકો, કસૌનીમાં



દાખલ થતાં જ મા પાસે દોડી આવેલી કેટલીક વ્યક્તિઓ આ વિશિષ્ટ કૃપા પ્રસાદને પામી ગયાં.

પૂ. શ્રી મા સાથેના વિચરણની કેટલીક ઘટનાઓને યાત્રાના સાપેક્ષમાં અવલોકીએ તો કંઇ કેટલાય વિશિષ્ટ સંદેશ સૌને પૂ. શ્રી દ્વારા મળ્યા છે. તેમ ચોક્કસ કહી શકાય.

કોરબેટ ફોલ પાસે પહોંચ્યા પછી પૂ. શ્રી માએ ઊંડા ઝરણાના પ્રવાહ પર નજર કરી. ઉતરવાનું ખૂબ ઊંડુ હતું. પૂ. શ્રી માએ બાળકોને પત્થરો ગોઠવી પગથિયું બનાવવા સૂચવ્યું. બાળકોએ પગથિયું તૈયાર કરતાં જ તે ડગી જાય તેમ નથી, તેની ચકાસણી કરી પછી જ પૂ. શ્રી મા તેના સહારે નીચે ઉતર્યાં. પ્રવાહમાં બાળકોની વચ્ચે ગયાં તેમને સ્નાન કરાવ્યું. આ ઘટનાની સીધી સમજ બાળકો માટે એટલી જ હતી કે પૂ. શ્રી મા સૌ બાળકોના જીવનપ્રવાહમાં પણ ઉતરવા માગે છે. પરંતુ પૂ. શ્રી માની ભૂમિકા અને બાળકોની ભૂમિકા વચ્ચે ઘણું ઊંડાણ છે. તે ઘટાડવા સત્સંગના કાર્યો દ્વારા જો બાળકો પોતાના સંસ્કારો ઘડે અને તેનાં પગથિયાં બનાવે તો સહજતાથી સૌ કોઇના જીવનમાં પૂ. શ્રી મા ઉતરી શકે. અને સત્સંગના પ્રવાહમાં સૌને સ્નાન કરાવી શકે. કેવી ઉમદા વાત પૂ. શ્રી માએ કેવી સરસ રીતે સમજાવી!

નૈનિતાલમાં વેશભૂષા પરિધાનના પ્રસંગોદ્વારા પૂ. શ્રી માએ બાળકોને એ સમજાવવા પ્રયાસ કર્યો કે જીવનમાં જે પાત્રો તમે ભજવો છો તે આજના આ ડ્રેસની જેમ એક દિવસ ઉતારી જ દેવાના છે. જેમ આજનાં આ વસ્ત્રો તમે સૌએ અમારી ઇચ્છા પ્રમાણે ધારણ કર્યાં, તેમ આ જીવનના તમારા પાત્રો પણ અમારી ઇચ્છાથી જ તમે ધારણ કરી આવ્યા છો. બદલાતાં આ પાત્રો

વચ્ચે પણ તમારે અમને જ નજરમાં રાખી વળગી રહેવાનું છે. તો જીવનની સમસ્યાએ હળવી બની રહેશે. અમારી ઉપસ્થિતિ કોઇ પણ પાત્ર ભજવતી વખતે તમારી સમક્ષ હશે તો પાત્ર બદલાવાનો કોઇ રંજ નહીં રહે. જીવનની કેવી ગૂઢ ફીલોસોફીનું એક નાનકડી ઘટના દ્વારા પૂ. શ્રી માએ સૌને દર્શન કરાવ્યું.

(ક્રમશઃ)

જે શોધે તેને જડે, જે મથે તેને મળે, પણ જે પડી રહે, પ્રમાદી બની બેસી રહે, તેને જીવનમાં કશું જ મળતું નથી.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨

## * મનની એકાગ્રતા *

ધ્યાનની અંતરંગ સાધના દરમિયાન નામજપનો આધાર લેનારા સાધકો જો આરંભમાં મનમાં જપ કરે તો કેટલીક-વાર મન એકાગ્રતાનો અનુભવ નથી કરતું. વિચારોના વેગને શાંત કરવા માટે ધીમે ધીમે બોલીને અથવા હોઠ હલાવીને જપ કરવાનું હિતાવહ છે. વિચારોનો વેગ ઓછો થઇ જાય એટલે માનસ જપ કરવા જોઇએ. વચ્ચે વચ્ચે વિચારો સતાવે ત્યારે શ્વાસ તથા પ્રશ્વાસની ગતિ સાથે નામજપને જોડી દેવાથી પણ માનસિક એકાગ્રતામાં મદદ મળે છે. નામજપ દરમિયાન વચ્ચે વચ્ચે શ્વાસપ્રશ્વાસની ગતિને જેટલી રોકાય તેટલી રોકી દેવાથી પણ એકાગ્રતા સધાય છે. નામજપ કરતાં કરતાં એવી રીતે વચ્ચે વચ્ચે શ્વાસપ્રશ્વાસની ગતિને રોકવાથી મન સહેલાઇથી સ્થિર થાય છે. ઉપાસ્યદેવના સ્વરૂપને યાદ કરીને તેમાં મનને જોડવાનો અને એમના જપનો આધાર લેવાથી મનને સારી રીતે સ્થિર કરી શકાય છે. જપ સાથેના ધ્યાનનો આધાર લેતાં વચ્ચે વચ્ચે પ્રાર્થના પણ કરી શકાય. જેમ કે હે પ્રભુ! મારા મનને સ્થિર કરો, એકાગ્ર કરો, શુદ્ધિથી તથા શાંતિથી ભરી દો. મારી ઉપર તમારી કૃપાનો વરસાદ વરસાવો. આત્મ-વિચારનો આધાર લેવાથી પણ મનની એકાગ્રતા અનુભવાય છે. હું શરીર નથી, મન નથી, પ્રાણ નથી, ઇન્દ્રિયો નથી. સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા છું. શુદ્ધ, બુદ્ધ, મુક્ત છું. મને શોક નથી, મોહ નથી, રાગ નથી, દ્વેષ નથી. હું દેશકાલાતીત કલ્યાણસ્વરૂપ છું. એવા એવા ભાવો તથા વિચારોનો આધાર લેવાથી મન ભાવાતીત થશે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd.No.GBV 113 * R.N.I.No.71957/99

## * પ્રકૃતિના પ્રભાવમાંથી મુક્તિ *

પ્રકૃતિ પુરુષની સાથે ચિરસહચરી થઈને રહે છે એ સાચું છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એનો પ્રતિકૂળ પ્રભાવ ક્રમે ક્રમે ઓછો થતો જાય છે. એ પ્રતિકૂળ પ્રભાવને દૂર કરનારાં અથવા પ્રકૃતિની વિરોધી અસરોનો અંત આણનારાં સાધનોમાંનાં કેટલાંક આ રહ્યાં : નિષ્કામ કર્મનું કે સ્વધર્મનું આચરણ, નિર્મળ મન, સુદીર્ઘ સમય સુધી ભગવાનની કથાઓના શ્રવણથી પેદા થયેલી ગાઢ ભક્તિ, પુરુષ તથા પ્રકૃતિનું વિવેકજ્ઞાન, તીવ્ર વૈરાગ્ય, યમ-નિયમ તથા વિવિધ વ્રતો સાથેનો યોગાભ્યાસ અને એક-ધારું ધ્યાન.

કાષ્ઠમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ કાષ્ઠને પોતાને બાળી નાંખે છે તેમ પુરુષ અને પ્રકૃતિના વિવેકજ્ઞાનથી પ્રકૃતિનો પ્રભાવ ટળી જાય છે. પછી પ્રકૃતિનો જે શુદ્ધ ને સૂક્ષ્મ અંશ રહે છે તે પુરુષના બંધનનું કારણ નથી બની શકતો. પરમાત્માનો સાક્ષાત્કાર કરનાર અને પરમાત્મામાં મન લગાડનાર પુરુષને માટે પ્રકૃતિ કદી અનર્થકારક નથી થઈ શકતી. સ્વાનુભવસિદ્ધ આત્મજ્ઞાનને લીધે એના સર્વ સંશયો નાશ પામે છે અને પછી એનું વાસનાત્મક અ-વિદ્યાયુક્ત કારણશરીર ના રહેતાં એ મહાપુરુષ આ જ જન્મમાં કૈવલ્યપદની પ્રાપ્તિ કરે છે ને કૃતાર્થ બને છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. 1688 બી. સરદારનગર, ભાવનગર—1.